

# મંત્રની મોટાઈ

ભરૂચ નગરી.

એની આસપાસ વન હતું...

એ વનમાં એક વૃક્ષ પર સમડી બેઠી હતી.

કોઈ પારધીએ એને બાણ મારી વીંધી નાંખી.

સમડી તરફડતી ધરતી પર પડી. એનો અંતકાળ જાણીને નજીક કાઉસગ્ગ ધ્યાને રહેલા એક મુનિએ તેને નવકારમંત્ર સંભળાવ્યો.

સમડીનું મોત સુધરી ગયું. મરીને તે સિંહલ દેશના રાજાને ત્યાં રાજકુમારી રૂપે જન્મી.

એ કુંવરી તરુણાવસ્થાએ પહોંચી ત્યારે એક વખત તેને છીંક આવી. એ વેળા નજીક ઊભેલા કોઈ શ્રાવકે 'નમો અરિહંતાણમ્' એવો ઉચ્ચાર કર્યો.

અને........

રાજકુમારીના મગજમાં ઝગારો વ્યાપી ગયો. તરત જ તેને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું.

એ રાજકુમારીએ પછી પોતાના પિતા દ્વારા ભરૂચ નગરી પાસે આવેલા પેલા વનમાં, તેજ વડના ઝાડ આગળ કે, જ્યાં પોતે મરણ પામી હતી ત્યાં જ 'સમળી વિહાર ઉદ્ધાર' નામનું શ્રી મુનિસુવ્રત સ્વામીનું મોટું દેવાલય કરાવ્યું.

રાજાએ પાંચસો વહાણ ભરીને ભરૂચ બંદરે એ દેવમંદિર બાંધવા સરસામાન મોકલ્યો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



# ઉ ત્સ વ

*  *  *

પ્રેરક :

આચાર્ય શ્રી નિપુણપ્રભુસુરિજીના
શિષ્ય પૂ. પં. શ્રી ચિદાનંદમુનિ મહારાજ
અને બાલમુનિ શ્રી કીર્તિસેનમુનિ મહારાજ

*

લેખક : સંપાદક
શાંતિભાઈ શાહ
(ડ્રામાકાર)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**૧૯૭૦નાં છ પુસ્તકો**

આમ્રમંજરી,
ઉત્સવ,
સાકર સમી મીઠી,
સોનામાં સુગંધ,
પરિભ્રમણ,
સ્વસ્તિક

*

**: લવાજમ :**

વાર્ષિક રૂા. ચાર
ત્રિવાર્ષિક રૂા. દસ
આજીવન રૂા. ત્રીસ

*

છુટક કિંમત એક રૂપિયો

*

## આપનું લવાજમ

નીચેના સ્થળોએ મોકલો :
**નીતિ પ્રકાશન**
૧/૩૭૮૭ મોટી દેશાઈપોળ,
સૂરત – ૧.
અગર તો
**ચોથમલ અચલાજી શાહ**
C/o બાબુભાઈ એન્ડ બ્રધર્સ
પાણીની ભીંત, સૂરત – ૧

*

હમણાં આપે વાર્ષિક, દ્વિવાર્ષિક કે ત્રિવાર્ષિક લવાજમ ભર્યું હશે તો પણ આપ ખૂટતી રકમ ભરી આજીવન સભ્ય થઈ શકશો. આવતા વર્ષથી આજીવન સભ્ય ફી વધીને રૂા. ૫૧ થશે. તો હજી પણ આજીવન સભ્ય તરીકે નોંધાઈ જશો.

વરસ પાંચમું : ૧૯૭૦ 卐 બીજું પુસ્તક : 'ઉત્સવ'

### આજીવન સભ્ય બનો અને ૧૦૮ પુસ્તકો મેળવો

*
૧૦૮
પુસ્તકો
*

નીતિ પ્રકાશન સંસ્થા તેમના આજીવન સભ્યોને આ યોજના દ્વારા કુલ એકસો ને આઠ પુસ્તકો આપવાની ભાવના રાખે છે. આપ પણ આજીવન સભ્ય બનો ને અમારી પ્રવૃત્તિને વેગ આપશો એવી આશા છે.

પ્રાચીન જૈન ધર્મકથાઓનું સંશોધન તથા આધુનિકકરણ કરી તમામ વાર્તાઓનું પુનઃ પ્રકાશન કરવાનો સંસ્થાનો ઉદ્દેશ છે.

**૧૯૭૧ની સાલથી આજીવન સભ્ય ફી રૂા. એકાવન થશે.**

પ્રકાશક : ચોથમલ અચલાજી શાહ, પાણીની ભીંત, સૂરત-૧.
મુદ્રક : જયંતિલાલ દેવરાજ શાહ, લાધાણી પ્રિન્ટર્સ, બડેખાંનો ચકલો, સૂરત-૨.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સાર્થકતા અને સુપાત્રતા

ભરતચક્રીએ શત્રુંજય તીર્થ પર સુવર્ણમય પ્રાસાદ બંધાવીને તેમાં મણિમય પ્રતિમાઓ સ્થાપી હતી. તેમના સમયમાં નવ્વાણું ક્રોડ, નેવ્યાસી લાખ અને ચોર્યાસી હજાર રાજાઓ સંઘપતિ થયા હતા.

જેણે દીન લોકોનો ઉદ્ધાર કર્યો નથી, તથા જેણે સ્વામીવાત્સલ્ય કર્યું નથી તેમ જેણે હૃદયમાં શ્રી વીતરાગ પ્રભુને ધાર્યા નથી, તેણે પોતાનો જન્મ ફોકટ ગુમાવ્યો છે.

સાધાર્મિક વાત્સલ્ય ભાવના વશથી અનેક પ્રકારનું છે. જેમ પ્રતિ ઉપકારની ઇચ્છાથી મોટા શાહુકારોને ભોજન આપવું તે શાહ વાત્સલ્ય કહેવાય છે. દુર્જન વગેરેને ભયથી ભોજન આપવું તે સાંડ વાત્સલ્ય કહેવાય છે. માતાપિતા, ભાઈભાંડુ, શ્વસુર પક્ષ વગેરે સ્વજનોને પ્રીતિની વૃદ્ધિ માટે જે ભોજનદાન દેવું તે સ્વજન વાત્સલ્ય કહેવાય છે, પણ તે ત્રણે દાનોમાં ધર્મબુદ્ધિનો અભાવ હોવાથી તે દાનો નિરર્થક છે. સાર્થક દાન તો તે જ કહેવાય કે પ્રતિ ઉપકારની ઇચ્છા વિના જ ફક્ત ધર્મબુદ્ધિથી પૈસાદાર અને ગરીબ એવા સાધર્મી ભાઈઓને ભેદ રાખ્યા વિના સન્માનપૂર્વક ઉદાર ચિત્તથી જે દાન દેવું એ જ દાન મહાલાભકારી થાય છે.

કહ્યું છે કે,

હજારો ગમે મિથ્યા દૃષ્ટિઓમાં એક અણુવ્રતધારી શ્રેષ્ઠ છે, અને હજારો ગમે અણુવ્રતીઓમાં એક મહાવ્રતધારી શ્રેષ્ઠ છે.

હજારો ગમે મહાવ્રતીઓમાં એક તત્ત્વવેત્તા શ્રેષ્ઠ છે. તત્ત્વવેત્તા સમાન સુપાત્ર થયું નથી, અને થશે પણ નહીં.

ભરતચક્રીએ બાર વ્રતધારી શ્રાવકોને તેઓની ઓળખાણ માટે કાંકીણી રત્નથી તિલક કર્યાં હતાં, અને છેક જીવન પર્યંત તેમણે સાધાર્મી વાત્સલ્ય કર્યું હતું. તેવી જ રીતે સંપ્રતિ રાજાએ ત્રિખંડ ભરતક્ષેત્રમાં દરેક ગામે સ્વામીવાત્સલ્ય કર્યું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## અવસર અને ઉત્સવ

નાગપુર નગર.

એમાં પુનડ નામે એક ધનાઢય શ્રાવક રહે.

આ પુનડને મૌજુદ્દીન બાદશાહની બેગમ પ્રેમકલાએ પોતાનો ભાઈ કર્યો હતો.

વિ. સં. ૧૨૭૩માં પુનડ શ્રાવકે શત્રુંજયની પ્રથમ યાત્રા કરી હતી. વિ. સં. ૧૨૮૬માં તેણે બીજી વાર યાત્રા કરી. તે વખતે તેની સાથે સંઘમાં ૧૮૦૦ ગાડાંઓ તથા કેટલાક માંડલિકો પણ હતા.

પુનડ જ્યારે ધોલકા પાસે આવ્યો, ત્યારે વસ્તુપાલ અને તેજપાલ મંત્રી સંઘની સામે ગયા. તે સમયે પવનથી જે જે દિશામાં સંઘની રજ ઊડતી હતી, તે તે દિશા તરફ તે મંત્રીઓ જવા લાગ્યા. તે જોઈ બીજા માણસોએ કહ્યું : 'હે મંત્રીરાજ ! તે બાજુ તો ઘણી ધૂળ ઊડે છે, માટે તમો આ તરફ આવો !'

મંત્રીઓએ હસીને કહ્યું : 'આ રજનો સ્પર્શ તો પુન્યોથી થાય છે. એ ધૂળનો સ્પર્શ કર્મોનો નાશ કરે છે.'

કહ્યું છે કે,

તીર્થમાર્ગની રજથી માણસો કર્મરહિત થાય છે, અને તીર્થોમાં ભમવાથી માણસોને ભવમાં ભ્રમવું પડતું નથી. વળી તીર્થમાં ધન ખરચવાથી માણસો સ્થિર સંપદાવાળા થાય છે. તેમ તીર્થમાં પ્રભુની પૂજા કરવાથી પૂજનિક થાય છે.

પછી ત્યાં તે મંત્રીઓ અને પુનડ બને એકઠા થયા.

મંત્રીઓ વિચાર કરે છે કે સંઘના ચરણરજોથી મારાં ઘરનું આંગણું ક્યારે પવિત્ર થશે ? એમ વિચારી તેણે સમસ્ત સંઘને ભોજન માટે નિમંત્રણ આપ્યું.

વસ્તુપાલે જાતે સંઘના લોકોના ચરણોને ધોવા માંડયા. દરેકને તિલક કરવા લાગ્યા. આમ કરતાં ઘણો સમય વીતી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગયો. આથી તેજપાલે વસ્તુપાલ મંત્રીને કહ્યુ : 'ભાઈ, હવે તમે રહેવા દો, સંઘની ભક્તિ બીજાઓ પણ કરશે. તમે ભોજન કરી લ્યો !'

વસ્તુપાલે જવાબ આપ્યો :

'તેજપાલ ! હું પાછળથી ભોજન કરીશ, કેમકે આવો અવસર વારંવાર મળતો નથી. આવો આનંદજનક ઉત્સવ ફરી ક્યારે મળનાર છે ?'

વસ્તુપાલે સમસ્ત સંઘને ભોજન કરાવીને, વસ્ત્ર વગેરે દાન કરી પછી જ ભોજન લીધું

પુનડશાહની પ્રેરણાથી વસ્તુપાલ મંત્રી પણ સંઘની સાથે શત્રુંજય પર પધાર્યા.

જે સુબુદ્ધિ માણસે સાધર્મીઓનું વાત્સલ્ય કર્યું છે, તેણે જિનભક્તિ તથા શાસનની ઉન્નતિ કરેલી છે.

*

# પચીસમા તીર્થંકરરૂપ

જે સંઘરૂપી રત્નાકરમાંથી પંચ પરમેષ્ઠી રૂપ અમૂલ્ય રત્નો ઉપન્ન થાય છે, તે સંઘરૂપી રત્નાકર હંમેશાં જયવંતો વર્તો ! શ્રમણસંઘ છે તે પચીસમા તીર્થંકરરૂપ છે, કેમકે તેને સર્વ તીર્થંકરો પણ નમસ્કાર કરે છે.

કહ્યું છે કે,

લોકોથી ઉત્તમ રાજા, તેથી ઉત્તમ ચક્રી, તેથી ઉત્તમ ઈન્દ્ર, અને સર્વથી ઉત્તમ ત્રણે જગતના નાયક શ્રી જિનેશ્વર પ્રભુ છે, એવા જ્ઞાનના દરિયા સરખા જિનેશ્વર પણ હમેશાં જે સંઘને નમે છે, તે સંઘની વજ્રસ્વામી પેઠે જે ઉન્નતિ કરે છે, તે જગતમાં પ્રશંસનીય થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## સંઘવાત્સલ્ય

વઢવાણ શહેર.

એમાં રત્ન નામના એક જૈન શ્રેષ્ઠી રહે. તેમની પાસે દક્ષિણાવર્ત શંખ હતો.

એક વખત એ શંખે રત્નશેઠને સ્વપ્નમાં જણાવી દીધું કે શેઠજી, હવે હું તમારે ત્યાંથી મારું સ્થાન બદલવા માગું છું. હું હવે વસ્તુપાલ શ્રેષ્ઠી પાસે જવાનો છું!

શંખની આ ઇચ્છા જાણી રત્ન શેઠે તેને બહુમાનપૂર્વક સાત દિવસ સુધી રાખ્યો.

એ પછી સાત લાખ માણસો સહિત વસ્તુપાલ શ્રેષ્ઠી સંઘ કાઢીને શેત્રુંજય જતાં ત્યાં આવી પહોંચ્યા.

રત્ન શ્રાવકે તે સંઘને આદરમાનથી ભોજન કરાવ્યું. વળી વસ્તુપાલને પેલો શંખ પણ સોંપી દીધો.

ખરું જ કહ્યું છે કે,


મોક્ષરૂપી સ્ત્રી સાથે વરાવનારું, શ્રાવક ધર્મની લક્ષ્મીના ઉત્તમ આભૂષણ સરખું તથા જિનમતને સફળ કરનારું એવું સાધાર્મિક વાત્સલ્ય કરો!

*

## સંઘ

રત્નોનું સ્થાનક જેમ રોહણાચલ પર્વત છે, તારાઓનું સ્થાન જેમ આકાશ છે, કલ્પવૃક્ષોનું સ્થાનક જેમ સ્વર્ગ છે, કમળોનુ સ્થાન જેમ સરોવર છે, પાણીનું સ્થાનક જેમ સમુદ્ર છે, અને સાગરોનું સ્થાન જેમ ચંદ્ર છે, તેમ આ સંઘ, વિનય વગેરે અનેક ગુણોનું સ્થાનક છે એમ વિચારીને આ ભાગ્યવાન સંઘની પૂજાવિધિ કરવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



શ્રી શત્રુંજય મહાતીર્થ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## નીતિ પ્રકાશન સમિતિ તેમના આજીવન સભ્યોને નીચે મુજબ ૧૦૮ પુસ્તકો આપવાની ભાવના રાખે છે !

ચાંદો ને સુરજ
ગુલાબ
અમીફળ
પૂનમ
સ્વર્ગ અને નરક
ગુલમહોર
*
શ્રીફળ
કેસરીક્યારી
લીલાલહેર
તપ અને શીલ
નંદનવન
મુંક્તિ
*
આમ્રમંજરી
ઉત્સવ
સાકરસમી મીઠી
સોનામાં સુગંધ
પરિભ્રમણ
સ્વસ્તિક
*
નવ લખ તારા
આરાધના
સૌનું થજો કલ્યાણ !
સાગર
અશોક વૃક્ષ
રંગ અને રેખા
*
સંસાર અસાર
સુવર્ણમૃગ
અરસપરસ

માધુરી
ક્ષિતિજ
રત્નજડિત વીંટી
*
સૌભાગ્ય
કિનારે કિનારે
અવસર
વિનોદ
સમૃદ્ધિ
ચિંતા ગઈ ચાલી !
*
સંતોષનું વૃક્ષ
પર્વ
ઊંડા અંધારેથી
શણગાર
સ્વપ્નલોક
ઝાઝું શું કહુ?
*
તેજતિમિર
અણસાર
મેઘવૃષ્ટિ
મંગલદર્શન
ગતિ
અલંકાર
*
સત્કાર
સોનાનો કળશ
વૈરાગ્ય
ચક્ર ચાલ્યું જાય છે !
મનોરથ
પ્રવાસી

સૃષ્ટિ
અભિષેક
રઝળશે અનંતભવ !
મહિમા
ધરતી
ચક્ષુ ચમકયાં !
*
સર્વસ્વ
શરણ આપનું !
ચીનગારી
શિખર
ઉપવન
તીર્થ
*
સિદ્ધિ
ભૂલી જજો !
શોભા
પરિવાર
દીક્ષા
કામધેનુ
*
અનુપમ
પ્રતિજ્ઞા
ગૌરવ
લહાવો
કર્મ
વિહાર
*
ચમત્કાર
ચૈત્ય
નમન

વ્રત
ફેરા
આશિષ
*
રક્ષા
ઝાલર
લબ્ધિ
સંયમ
સુમસામ
ઉપદેશ
*
ત્યાગ
વિસ્મય
અક્ષયનિધિ
પુન્ય પરવાર્યું નથી
ચિંતામણિ રત્ન
સ્મરણ
*
જનમ અને મરણ
પૂજા
ભાવના
તિલક
ગોચરી
મોક્ષ
*
ધજા ફરફરે !
નિપૂણ
ભક્તિ
ચિદાનંદ
લલિત
કીર્તિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૧ )

## જીવન ઉત્સવ બની ગયું !

*

તીર્થક્ષેત્ર પાલીતાણા.

એમાં એક મુખી રહે. નામ એનું કપર્દી.

સર્વ અવગુણોનો એ ભંડાર હતો.

લુચ્ચાઈ તો એની જ કહેવાતી ! જૂઠું બોલતાં જરીય એને વાર નહીં ! જૂગાર એનો વ્યવસાય ગણાતો. દારૂ ને અભક્ષ્ય એનાં ભાવતાં ભોજન હતાં !

રાક્ષસ કરતાંય એની ક્રૂરતા ભયંકર ગણાતી ! બીજાની ચીજવસ્તુ તફડાવી જવી એ એની અદ્ભુત કળા હતી !

નગરીમાં એ તોબાતોબાહ પોકરાવતો !

કોઇની મજાલ નથી કે એને પૂછી શકે કે અલ્યા, તારા મોંમાં કેટલા છે દાંત ? એ પૂછવાની હિંમત કરનારની જીભ બહાર ખેંચાઈ જતી !

વિધિની વિચિત્રતા તો કેમ કહેવાય, પણ રૂડી રંગતની વાત એ હતી કે આ કપટી મહાશયની પત્ની પણ મહા કાફર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતી! એવા તો ઉગ્ર સ્વભાવની હતી કે એમ જ લાગે છે કે બળબળતો અગ્નિ માનવરૂપ લઈને આપણી સામે ઊભો છે!

એ મુખીની પત્નીનું નામ હતું અનઘા.

એક દિવસની વાત છે.

ઘરમાં અનઘા ધમપછાડા મારતી કામ કરતી હતી ને મોંઢામાંથી ગાળોનો વરસાદ વરસાવતી હતી.

બંને ધણિધણિયાણી ઘણી વાર ઝઘડતા.

મુખી દારૂ ઢીંચીને આવે એ દિવસે બરાબરનો ખેલ જામી જતો.

આજે પણ કપર્દી મુખી મદિરાપાન કરીને, લાલચોળ બની, ઘેનભરી આંખે, ઘરને ઓટલે ખાટલા પર સૂતો છે.

એટલામાં બે મુનિમહારાજો આંગણામાં આવીને ઊભા.

કપર્દી જુએ છે તો તેને માટે આ દર્શન નવું જ હતું! એણે કયારે ય મુનિઓને આટલી નજીકથી જોયા નહોતા.

ભૃકુટિને નમાવીને જાણે નમસ્કાર કરતો હોય તેમ અર્ધ ઘેરાયેલી આંખે જોઇને તેણે પેલા બંને મુનિવરોને પૂછયું :

'તમે કોને શોધો છો?'

'અમે તમારી પાસે જ આવ્યા છીએ!' મુનિઓએ જવાબ આપ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'વાહ ઘણું સરસ! બોલો, શું કામ છે? તમારા હાથમાં આ પાત્ર જોતાં તમે ઘી, દૂધ, દહીં કે છાશ લેવા નીકળ્યા લાગો છો!' અને પછી રસોડા તરફ નજર ફેંકતા મુખીએ તેની પત્નીને હાંક મારતાં કહ્યું : 'અરે અનઘા, હવે જરા જીભાજોડી બંધ કર, ને આ આંગણે ઊભેલા નવીન લોકને કંઈ છાસ-દહીં હોય તો આપ!'

મુનિઓ કહે છે : 'અરે મુખીભાઈ! અમે હમણાં કંઈ લેવા આવ્યા નથી. એક જુદા જ કારણસર તમારી પાસે આવ્યા છીએ. અમે ને અમારા ગુરુ યાત્રાર્થે આ નગરીમાં પધાર્યા છીએ. ધારવા કરતાં સમય વધુ વીતી જવાથી અને વરસાદ વહેલો પડે એવો સંભવ હોવાથી અમે હવે અહીં જ ચાતુર્માસ ગાળવા ઇચ્છીએ છીએ. અમારે ઉપાશ્રયની જરૂર છે, અને એટલે જ........'

કપર્દીએ ખાટલામાં જ બેઠાં થતાં કહ્યું :

'ભલે, ભલે! તમારે ઘર જોઈએ છે ને? હા, હા, ચાલો, આ મારું સ્થાન જ તમને ચાર મહિના વાપરવા આપી દઉં છું. પણ હો નવીન લોકો! મારી એક શરત છે. એ તમારે પાળવી પડશે!'

શરત?

કંઇ શરત હશે આ મુખીની?

મુનિઓ વિચાર કરવા લાગ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અંતે પૂછયું : 'કંઈ શરત છે ભાઈ તમારી ?'

કપર્દી કહે : 'મને પાછળથી યાદ આવ્યું ! જરા મોડેથી મારા મગજમાં ટકોરો થયો કે તમેલોક ઉપદેશ આપવાનો ધંધો કરો છો, ખરી વાત ને ?'

સાધુઓ ફિક્કું હસી પડ્યા. શું જવાબ આપવો હવે આ મુખીને ?

મુનિઓ જવાબ આપતા નથી એટલે કપર્દી આગળ કહેવા લાગ્યો :

'જુઓ ! તમે મારા ઘરમાં રહો તેનો વાંધો નથી, પણ તમારે મને ઉપદેશ આપવો બાપવો નહીં ! હા, એ જ મારી શરત છે ! ઉપદેશની, બોધની, શિખામણની કે ડાહી ડાહી વાતોની એક લીટી પણ તમારે મને સંભળાવવી નહીં ! બોલો, કબૂલ છે ? કબૂલ હોય તો હમણાં જ મુકામ ઉઠાવી લાવો ને સુખેથી રહો ! ચાર મહિના તો ચપટી વગાડતાં પસાર થઈ જશે ! પણ હે નવીનલોકો ! મારી વહુ જરા ગરમ સ્વભાવની છે ! પણ તમે–લોક તેના સ્વભાવને અનુકૂળ થઈ જશો તો વાંધો નથી ! બધું સુખ તો કયાંથી મળવાનું હતું ! આ એક તકલીફ તો ભોગવ્યે જ છૂટકો છે ! હું તો આખી જિંદગી ભોગવતો આવ્યો જ છું ને !'

બંને મુનિમહારાજો આનંદ પામતાં વિદાય થયા.

બીજે દિવસે સાધુસમુદાય કપર્દી મુખીને ઘેર ચોમાસું રહેવા આવી પહોંચ્યો.

P. P. Ac. Gunratansuriji M.S.		Jin Gun Aaradhak Trust

તપ, આરાધના, વ્રત–ઉત્સવના ઉમંગમાં ચાર મહિના ક્યાં પસાર થઇ ગયા તે ખબરે ના પડી.

કાર્તિકી પૂનમ આવી.

સાધુઓ વિહાર કરવાની તૈયારી કરવા લાગ્યા અને નિર્ણિત સમયે મુનિજનોએ વિહાર શરૂ કર્યો.

નગરીની બહાર સાધુઓને વળાવવા કપર્દી સુખી પણ ગયો.

હાથ જોડીને ઊભો રહ્યો છે.

અંતે ગુરુમહારાજે કપર્દીને માંગલિક સંભળાવતાં કહ્યું :

'હે કપર્દી ! તેં અમને આશ્રયસ્થાન આપીને અમારા ઉપર અનેકાઅનેક ઉપકાર કર્યો છે, પણ અમે તેના બદલામાં પ્રત્યુપકાર કરી શકયા નથી. તારી શરત અમને એમ કરતાં અટકાવી રહી હતી ! હવે તારા આશ્રયસ્થાનમાં અમે નથી અને તારી શરતથી પણ હવે અમે મુક્ત થયા છીએ. તો જો તારી ઇચ્છા હોય તો અમે જતાં જતાં પણ તને કંઈક ઉપદેશ આપીએ.'

કપર્દી કહે : 'તમારે મને નિયમ બિયમ કે વ્રત ફ્રતની વાત કરવી નહીં. કંઈ બંધન ફંધન કે ક્રિયાકૃત્ય મને બિલકુલ રુચિકર નથી. હા, જો તમારી પાસે કોઈ મહાપ્રભાવિક મંત્ર હોય તો લાવો આપી દો ! એ સાંભળવાને હું રાજી છું ખરો !'

સાધુઓને આનંદ થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કપર્દી જેવી એક મહાન શિલા પણ આજે જ્ઞાનનાં બીજને અનુકૂળ ધરતી બની ગઈ જાણી ગુરુમહારાજે તેને ઉત્તમ પરમેષ્ઠિ મંત્ર–નવકારમંત્ર સંભળાવ્યો, પછી શિખામણ આપી :

'હે કપર્દી ! તારે હંમેશ સૂતાં, ઊઠતાં, ભોજન કરતાં કે પાન કરતાં સૌપ્રથમ આ અદ્‌ભુત મંત્રનું સ્મરણ કરવું.'

કપર્દી કહે : 'મહારાજ ! એથી મને શો લાભ થશે ?'

ગુરુ કહે : 'હે ભદ્ર માનવી ! આ નમસ્કાર મંત્રનો પ્રભાવ મહાન છે. તે મંત્રના કેટકેટલા વખાણ કરી શકું ? તારા સઘળાં પાપો એ મંત્રના પ્રભાવથી નાશ પામશે. વળી હે ભાગ્યશાળી પુરુષ ! આજથી તારે હંમેશ સવારસાંજ આ શત્રુંજય ગિરિ પર જિનેશ્વર પ્રભુ શ્રી ઋષભદેવને નમસ્કાર કરવા.'

આટલું કહીને ગુરુમહારાજે એ શત્રુંજય તીર્થના ઇતિહાસ અને મહાત્મ્યની વાતો તેને સંભળાવી.

એ પછી સાધુઓ વિહાર કરી ગયા.

કપર્દી હવે રોજ ગુરુમહારાજની આજ્ઞા અને ઉપદેશ મુજબ વર્તન કરે છે.

એક દિવસની વાત છે :

કપર્દી જોડે તેની કંકાશપ્રિય પત્ની ખૂબ લડીઝઘડી. કપર્દીને તે હિંમતબાજ બાઇએ ઘરમાંથી હાંકી મૂક્યો.

કપર્દી શ્રી શત્રુંજયની તળેટીએ ગયો.

એક વડલાના ઝાડ નીચે વિસામો ખાવા તે આડો પડ્યો. હજીયે દારૂની લત એની છૂટી નહોતી. પોતાની સાથે જ તે મદ્યપાત્ર રાખતો. અહીં પણ ઘરેથી ભાગીને આવ્યો તોય સાથે દારૂનું પાત્ર જોડે જ લઈ આવ્યો હતો ! પાસે પાત્ર મૂકીને તે થોડી વાર જંપી ગયો. પછી થાક ઊતરી જતાં જાગ્યો.

દારૂ પીવાનું મન થયું અને ગુરુમહારાજનો ઉપદેશ યાદ આવી ગયો. તરત નવકાર મંત્રનું સ્મરણ કર્યું. એ સ્મરણ કરતાં કરતાં તેણે મદ્યપાત્રમાં જોયું તો તેમાં કંઈક અઘટિત વસ્તુ અચાનક પડેલી નીરખી.

ઝીણવટથી તપાસ કરી તો ખબર પડી કે અરે, આ તો ઝેર છે !

આ વિષબિન્દુ ક્યાંથી ટપક્યું હશે ?

કપર્દીએ ઊંચું જોયું.

ખૂબ ઊંચી ડાળ પર નજર તાકતાં તેણે જે દૃશ્ય જોયું તેનાથી તે ચમકી ગયો ! ધ્રૂજી ઊઠ્યો !

તેના શરીરમાંથી ભયની એક ઝણઝણાટી પસાર થઈ ગઈ.

કપર્દીએ બીજી વાર એ ઊંચેરી ડાળ પર નજર નાખી જ નહીં ! પણ પેલું મદ્યપાત્ર નજીકની એક શિલા પર પછાડી નાંખ્યું.

ઊંચે., વડલાની એક ડાળ પર ગીધ પક્ષી બેઠું હતું. તેની ચાંચમાં એક ઝેરી સર્પ હતો. એ સર્પના મુખમાંથી વિષબિંદુઓ ટપકતાં હતાં !

કપર્દીએ આજે થોડીવાર પર જ પોતાની સ્રીનો ત્યાગ કર્યો હતો. અને હવે હમણાં જ તેણે જીવથી ય અતિ વહાલી મદિરાપ્યાલીનો પણ ત્યાગ કરી દીધો! તેને થયું કે અદ્ભુત ભાઈ અદ્ભુત! નવકાર મંત્રનો પ્રભાવ ખરેખર અદ્ભુત છે! આજે તો તેણે મારો પ્રાણ બચાવ્યો છે.

કપર્દી ઊઠીને ત્યાંથી સીધો જ ડુંગર ચઢવા લાગ્યો. શત્રુંજય પર તેણે ત્રણ ભુવનના સ્વામી શ્રી ઋષભદેવનાં દર્શન કર્યાં. પ્રભુના નેત્રમાંથી અમૃતની વૃષ્ટિ થતી હતી! કપર્દીનાં બધા દુઃખ સંતાપ શમી ગયાં.

ખૂબ હર્ષ પામીને અને ફરી ફરી પરમાત્માને નમીને તે પર્વતના ઉત્તર ભાગ તરફ જવા લાગ્યો. એક સ્થળે સ્થિર થઈ તેણે પંચપરમેષ્ઠી નવકાર મંત્રનું સ્મરણ કરવા માંડયું. અનશન સ્વીકાર્યું.

થોડા જ વખતમાં તીર્થના પ્રભાવથી અને શુભ ભાવનાથી મરણ પામીને પરભવને વિશે અખંડ અને પ્રભાવિક યક્ષની પદવી પ્રાપ્ત કરી.

કપર્દી આમ મૃત્યુ પામીને યક્ષ દેવ થયો.

એ પછી અવધિજ્ઞાનથી પોતાના પૂર્વભવને જાણીને, બીજાં બધા કાર્યો છોડીને એકદમ તે ગિરિવર પર આવી પહોંચ્યો.

ત્યાં પ્રભુને સ્નાન કરાવીને, તેમની પૂજા કરી. પ્રાર્થનાવિધિ પતાવ્યા બાદ તે સીધો જ પેલા ગુરુમહારાજ પાસે પહોંચી ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યક્ષે દિવ્ય રૂપ ધારણ કર્યું છે. ગુરુને નમસ્કાર કરીને કહ્યું :

'હે પૂજ્ય ! મને આ યક્ષપણાની જે પદવી મળી છે અને જે સુખસંપત્તિ મેં પ્રાપ્ત કરી છે એ બધું યે તમારા ઉપદેશને જ આભારી છે. હે ગુરુમહારાજ ! આપ આદેશ કરો કે મારે શું કરવું ? મને એવું કાર્ય ચીંધો કે હું મારું ગૌરવ વધારી શકું !'

ગુરુએ જવાબ આપ્યો.

'યક્ષ, તને જે વૈભવ મળ્યો છે તે તીર્થના પ્રભાવને લીધે પ્રાપ્ત થયેલ છે. તારે હવે અહીં જ રહીને, પરમાત્માની આરાધના કરનાર અન્ય જીવોની રક્ષા કરવી. તેમનાં કષ્ટો દૂર કરવાં. આ રીતે પણ તેં પરમાત્માની સેવા–ઉપાસના કરી કહેવાશે !'

ગુરુમહારાજની આજ્ઞાથી યક્ષ આજદિન પર્યંત શત્રુંજય તીર્થ પર સ્થિર થઈને રહ્યો છે, અને લોકોની–જાત્રાળુઓની રક્ષા કરે છે.

યક્ષ કપર્દીની પેલી દુષ્ટ પત્ની અનઘાને આ હકીકતની જાણ થઈ કે પોતાનો પતિ યક્ષની પદવી મેળવી ચૂક્યો છે.

આથી અનઘા પ્રશ્ચાત્તાપ કરવા લાગી.

શત્રુંજય શિખર પર ચઢીને અનઘાએ પણ અનશન તપ આદર્યું. ત્યાંથી મૃત્યુ પામીને તીર્થના માહાત્મ્યને લીધે તે હસ્તીનું રૂપ ધારણ કરવાવાળો દેવ બન્યો. પોતાના સ્વામી–યક્ષના વાહનરૂપ બન્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આજે પણ શત્રુંજય તીર્થ પર હાથીના વાહનવાળા આ યક્ષની સ્થાપના છે. લોકો તેની પૂજા કરે છે. યક્ષના ડાબા હાથમાં ચકચકિત પાશ છે. તેના જમણા હાથમાં પ્રકાશિત અંકુશ છે. વળી બે વધારાના હાથમાં એકમાં વરદ અને બીજામાં બીજોરું ધારણ કરેલું છે.

આ યક્ષ તીર્થયાત્રા કરનારા સમસ્ત સંઘની આજે પણ રક્ષા કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## જીવન-ઉત્સવને ઊજવી ન જાણનાર એક સાધુની કથા

*

આચાર્ય મહારાજના સમુદાયમાં એક અવિનયી શિષ્ય હતો. આ અવિવેકી શિષ્યને ગુરુ મહારાજ કંઈ પણ હિતશિક્ષા આપે ત્યારે ગમે નહિ. મનમાં ને મનમાં ચીઢાય. કયારેક ગુરુ પ્રત્યે લાલ આંખો કરી દે, કે પછી થોડા ધમપછાડા પણ મચાવી મૂકે.

આચાર્ય મહારાજ નાદાન શિષ્યના અવગુણને નભાવી લેતા. આજે સુધરશે, કાલે સુધરશે, ધીમે ધીમે જરૂર સુધરી જશે એવી ગુરુમહારાજને આશા હતી.

એક વખત શિષ્યને લઇને ગુરુમહારાજ શ્રી ગિરનારજીની યાત્રા કરવા ગયા.

ત્યાં પેલો શિષ્ય સ્ત્રીઓ પ્રત્યે કુદૃષ્ટિ કરવા લાગ્યો. બહેનોની ઠઠ્ઠામશ્કરી કરવા લાગ્યો.

આ તો હવે ગજબ થવા માંડયું.

અત્યાર સુધીના દોષો તો નાના, નજીવા ને સામાન્ય હતા. આચાર્ય મહારાજ નભાવી લેતા, પણ હવે તો........

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુરુ મહારાજ ખુદ ચોંકી ઊઠયા !

તેમણે શિષ્યને ખૂબ ઠપકારવા માંડ્યો. ઘણી યે શિખામણો આપવા માંડી.

શિષ્ય મનમાં ને મનમાં સમસમીને થોડોક વખત શાંત રહ્યો. પણ દિલમાં તો ગુરુ પ્રત્યે તેને ખૂબ ક્રોધ ચઢવા લાગ્યો.

હવે તે ગુરુને હેરાન કરવાનો લાગ જોવા લાગ્યો.

ડુંગર પરથી ગુરુ ને શિષ્ય નીચે ઊતરતા હતા. આગળ ગુરુ ચાલે છે ને પાછળ શિષ્ય.

લાગ જોઈને શિષ્યે ડુંગર પરથી એક શિલા ગબડાવી !

ગુરુની પાછળ શિલા ગબડતી ગબડતી જવા લાગી !

ઓહ, પણ કેવો છે ચમત્કાર !

પથ્થર ગબડતો ગબડતો ગુરુના બે પગ વચ્ચેથી નીકળીને પસાર થઈ ગયો. ગુરુ હેમખેમ બચી ગયા.

ગુરુએ પાછળ ફરીને શિષ્ય સામે જોયું તો........

શ્યામ વદને તે નીચું જોઈને ઊભો છે !

ગુરુ બધો પાર પામી ગયા.

શિષ્યના દુષ્ટ કૃત્ય પ્રત્યે તેમને હવે ખૂબ નફરત જાગી.

ગુરુએ તેને શ્રાપ આપતાં કહ્યું :

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'હે દુષ્ટ ને પાપી જન! યાદ રાખ કે તું મારો વિનાશ થાહે છે, પણ તારો પોતાનો વિનાશ થશે! વળી સ્ત્રીઓ પ્રત્યે તેં કુદૃષ્ટિ કરી છે તો તું સ્ત્રીઓથી જ વિનાશ પામીશ.'

હવે શિષ્ય થથરી ઊઠયો.

ગુરુના શ્રાપથી તે બીધો. તેને ખબર હતી કે સંતમહાત્માની બાણી કદી નિષ્ફળ જાય નહિ. વળી આ તો સજાનું ફળ!

શિષ્ય ગુરુમહારાજથી અલગ પડી ગયો.

તેણે વિચાર્યું કે હવે એવા પ્રદેશમાં જઈને વસવું કે જ્યાં સ્ત્રી જ નજરે પડે નહિ! હા, નારી વિનાના સ્થાનમાં જઈને વસવાટ કરવો! ગુરુની વાણી નિષ્ફળ જાય એમ કરવું.

શિષ્ય વિચાર કરવા લાગ્યો કે એવો સ્ત્રીસૂનો પ્રદેશ કયાં હશે? કયાં ગોતવો? આમ તો નજર પડે છે ને બધે જ કામિનીઓ કળા કરતી દેખાય છે!

પણ હવે તો એ કામિનીની કળા તેની પોતાની કમબખતી કરનાર નીવડનાર છે! ગુરુનો શ્રાપ છે! શું કરવું? કયાં જવું?

શિષ્ય આમતેમ ઘૂમતો એક નિર્જન પ્રદેશમાં આવી પહોંચ્યો. ત્યાં એક નદી હતી. એ નદીકાંઠે એક એકાંત જગ્યા હતી. શિષ્ય ત્યાં રહી સૂર્યની આતાપના સહન કરી ઉગ્ર તપ કરવા લાગ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેના તપના પ્રભાવથી એક ચમત્કાર થયો. નદી શિષ્યના સ્થાન તરફ વહેતી બંધ થઇ ગઈ. તે હવે બીજી તરફ વહેવા લાગી.

આથી લોકો આ શિષ્ય સાધુને કુલવાલક (નદીને વાળનાર) એવા નામથી ઓળખવા લાગ્યા.

એક વાર રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજાના પુત્ર કોણિક રાજાને વિશાલા નગરીના ચેડા રાજા જોડે યુદ્ધનો પ્રસંગ ઊભો થયો.

કોણિક રાજાએ એવી આકરી પ્રતિજ્ઞા કરી છે કે જો હું ચેડા રાજાની વિશાલા નગરીને ખોદીને ખતમ ન કરું તો મારે અગ્નિમાં બળી મરવું.

આવી આકરી પ્રતિજ્ઞા કરીને રાજા કોણિક લાખ ઉપાયો અજમાવે છે તો પણ વિશાલા નગરીને જીતી શકતો નથી!

હવે શું બન્યું ?

ગુરુઆજ્ઞાનો ભંગ કરનાર અને વળી ગુરુને મારી નાખવાના ઈરાદેથી પથ્થર ગબડાવનાર પેલા શિષ્ય–કુલવાલક મુનિ ઉપર તે વેળા શાસનદેવી કોપ પામ્યાં હતાં.

આથી શાસનદેવીએ આકાશવાણી કરીને કોણિક રાજાને કહ્યું:

'જો માગધિકા નામની ગણિકા કુલવાલક મુનિને ચારિત્ર્યથી ભ્રષ્ટ કરીને લાવે તો તેની સહાયથી હે કોણિક રાજા! તું વિશાલા નગરીને જીતી શકશે!'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અદ્ભુત !

વળી શાસનદેવીની આકાશવાણી !

કદી નિષ્ફળ જાય નહિ !

રાજા કૌણિકે તરત જ માગધિકાને બોલાવી આ વાત જણાવી.

માગધિકાએ રાજાને કહ્યું :

'મહારાજ ! તમારી આજ્ઞાને હું સ્વીકાર કરું છું. કોઈ પણ પ્રયત્ને હું કુલવાલક મુનિને ચારિત્ર્યથી ભ્રષ્ટ કરી અહીં લઈ આવીશ !'

ગણિકા જેનું નામ !

માગધિકાએ તો કપટી શ્રાવિકાનું રૂપ લીધું. નદીના કિનારે તીર્થયાત્રાને બહાને આવી. પેલા મુનિને તે હવે ગોચરી વહોરવા તેડવા ગઇ.

લાગ જોઈ ગણિકાએ લાડવામાં એવી વસ્તુ નાંખી કે મુનિને અતિસારનો રોગ લાગુ પડ્યો.

ગણિકાએ હવે દાવ અજમાવ્યો. તે તો મુનિની સારવાર કરવા લાગી. ધીમે ધીમે મુનિ ગણિકાને તાબે થઈ ગયા.

પછી તે નૈમિત્તિકના વેશમાં મુનિને લઇને રાજા કોણિક પાસે હાજર થઇ ગઈ.

રાજા નૈમિત્તિકને પ્રણામ કરીને કહે છે :

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'મહારાજ! મારા પર ઉપકાર કરો! મારી પ્રતિજ્ઞાનો ભંગ થશે તો હું જીવી શકીશ નહીં. આપ મને વિશાલાનગરી જીતવામાં સહાય કરો! આપની કૃપાથી હું જરૂર વિજય મેળવી શકીશ!'

નૈમિત્તિકે રાજાની વાત કબૂલ રાખી.

હવે નૈમિત્તિક વિશાલાનગરીમાં ઊપડ્યા

તેમને એમ લાગ્યું કે કોણિક રાજાની જીત થતી નથી એનું પણ કંઈ કારણ હોવું જોઈએ. કશો ભેદ લાગે છે. એની તપાસ કરવી જોઈએ.

નૈમિત્તિક વિશાલાનગરીમાં ઠેર ઠેર ફરે છે.

એક જગ્યાએ શ્રી મુનિસુવ્રત સ્વામીનું સ્તૂપ જુએ છે. નૈમિત્તિક મુનિ અહીં થોભે છે.

પછી તો નૈમિત્તિક મુનિના મનમાં વિચારોના ઝબકારા ઊઠે છે. નૈમિત્તિકને ખાતરી થાય છે કે કોણિક રાજાનો વિજય થતો નથી તેનું કારણ આ સ્તૂપ (મંદિર) છે. આ સ્તૂપના પ્રભાવથી જ કોઈ અન્ય રાજાનો અહીં વિજય થતો નથી!

બાર બાર વરસથી કોણિક અને ચેડારાજા વચ્ચે યુદ્ધ ચાલે છે. વિશાલાનગરીના લોકો પણ હવે શાંતિ ચાહે છે. નગરીના દરવાજા કેટલાય વરસોથી બંધ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લોકોએ જોયું કે આ નૈમિત્તિક કોઈ જ્ઞાની જણાય છે. તેમને પૂછીએ કે આ યુદ્ધ કયારે બંધ થશે ?

નૈમિત્તિકને નગરજનો પ્રશ્ન કરે છે:

'મહારાજ, આપ કહેશો કે આ નગરીનો ઉપદ્રવ કયારે શાંત પડશે ? અમે તો બધા ખૂબ હેરાન થઈ ગયા છીએ !'

નૈમિત્તિક મનમાં મલકયા. પછી બોલ્યા :

'હે નગરજનો ! મારી વાત તમે કબૂલ કરશો ખરા ? હું કહું એમ જો તમે કરો તો કાલે સવારે આ યુદ્ધ બંધ થઈ જશે ! શત્રુ નાસી જશે ! ફરી બીજી કોઈ વખત આ નગરી પર ચઢાઈ લાવવાની કોઈ હિંમત કરશે નહિ !'

નગરજનો આનંદમાં આવી ગયા. હાથ જોડીને કહેવા લ.ગ્યાઃ

'ફરમાવો મહારાજ ! આપ કહેશો તેમ જ થશે !'

નૈમિત્તિકે આંખનો એક મીંચકારો મારીને કહ્યું :

'જુઓ ત્યારે ! જ્યાં સુધી તમારા નગરમાં આ સ્તૂપ (મંદિર) હશે ત્યાં સુધી શત્રુઓ હુમલો કરતાં જ રહેવાના ! આ સ્તૂપ ઉખેડી નાખો અને જુઓ કે તેજ ઘડીએ સર્વ ઉપદ્રવ શાંત થઈ જાય છે કે નહિ ?'

નૈમિત્તિકની વાત સાંભળીને લોકો ચમકી ઊઠયા ! કેટલાક તો ત્યાંથી ભાગી જ ગયા !

થોડાક ચીટકી રહ્યા.

નૈમિત્તિકે ફરી કહ્યું :

'જેટલો સમય લંબાવશો તેટલો તમને જ ગેરલાભ છે! હું તો ઉપદેશ આપીને જતો રહીશ. પણ એક દિવસ આખી નગરીનો નાશ થશે ત્યારે તમે સૌ મને યાદ કરી કરીને તમારા કમભાગ્ય પર રડતાં હશો!'

નૈમિત્તિક તો આટલું કહીને જવા લાગ્યો! થોડેક દૂર ગયો, ને પાછું ફરીને જુએ છે તો ........

લોકો સ્તૂપને (દહેરાસરને) ખોદી રહ્યા હતા!

નૈમિત્તિક મલકયો. નગરની સીમા પર જઇ સંકેત કરીને તેણે કોણિક રાજાના સૈન્યને ખબર આપી.

લોકો પર પ્રભાવ પાડવા ખાતર કોણિકનું સૈન્ય નગરીથી બે માઈલ દૂર હઠવા લાગ્યું! લોકોને ખાતરી થવા લાગી કે જેમ સ્તૂપ ખોદાય છે તેમ તેમ શત્રુનું સૈન્ય દૂર ને દૂર ભાગતું જાય છે!

આથી લોકોએ જડમૂળથી સ્તૂપ ઊખેડી નાખ્યો.

બાર વરસ સુધી બંધ રાખેલા નગરના દરવાજા લોકોએ ઉઘાડી નાખ્યા.

અને અચાનક જ કોણિક રાજાનું સૈન્ય પૂર ધસી આવે તેમ ચારેકોરથી નગરીમાં ઘૂસી ગયું!

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

ભયંકર યુદ્ધ ખેલાયું. એક કરોડ ને એંસી લાખ સુભટો આ યુદ્ધમાં હણાયા.

કોણિક રાજા પોતાની પ્રતિજ્ઞા પૂરી કરવા ખાતર નગરીનો નાશ કરીને પોતાની રાજધાનીમાં પાછો ફર્યો.

માનવભવની પ્રાપ્તિ એ જ મહામંગલ ઉત્સવ છે. એ ઉત્સવને ઊજવી ન જાણનાર કુલવાલક મુનિની જેમ અંતે અમંગલતાને રસ્તે દોરવાઇ જાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

( ૩ )

## ડોસીને ઘેર ઉત્સવ !

*

કુમારપાળ.

રાજા સિદ્ધરાજનો એ પિત્રાઈ ભાઈનો પુત્ર હતો.

સિદ્ધરાજ પછી રાજગાદી પર કુમારપાળ આવે એમ પ્રજા ઇચ્છતી હતી

રાજા સિદ્ધરાજ અપુત્રવાન હતો.

પોતાની પાછળ કુમારપાળ રાજગાદીએ આવે એ સિદ્ધરાજને ગમતું નથી. તેની ઇચ્છા તો એવી છે કે પોતાની પાછળ ઉદયન મંત્રીનો પુત્ર ચાહડ વારસદાર બને ! રાજગાદી તે જ શોભાવે !

પ્રજા જુદું જ ઇચ્છે છે. કુમારપાળ લોકોનો લાડકવાયો છે. લોક ચાહે છે કે કુમારપાળ જ ખરો વારસદાર છે.

રાજા સિદ્ધરાજ આ વાત જાણીને સંતાપ અનુભવે છે. તેણે વિચાર કર્યો કે કુમારપાળનું કાસળ જ કાઢી નાખવું જોઇએ.

એ જીવતો હોય તો જ પ્રજા તેને રાજગાદી પર બેસાડવા મમત કરેને !

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજા સિદ્ધરાજે મેલી રમત આદરી. વિશ્વાસુ કારભારીઓને કામ સોંપ્યું કે ગમે તેમ કરીને પણ કુમારપાળને પકડી લાવો. પણ જોજો, પ્રજા એ વાત જાણે નહિ !

કુમારપાળને ગંધ પહોંચી ગઈ હતી કે તેની પાછળ રાજ-જાસૂસોને છોડી મૂકવામાં આવ્યા છે.

કુમારપાળ સંતાતા ફરે છે.

ગામેગામ, નગરેનગર, વનેવન અને ડુંગરેડુંગર કુમારપાળની પાછળ રાજસૈનિકો ભમે છે.

પ્રજા પણ છેવટ આ વાત જાણી ગઈ.

રાજા પ્રત્યે લોકોને નફરત ચઢી. પણ બીકની મારી પ્રજા સમસમીને બેસી રહી

કયારેક કુમારપાળને રક્ષણ જોઇએ છે, તો લોકો જાનને જોખમે પણ તેને છૂપાવી દે છે ! સૈનિકો ધૂમતાં ધૂમતાં આવી ચઢે છે ત્યારે પોતાનો દાવ નિષ્ફળ જતાં ક્રોધે ભરાઇને અથવા તો નિરાશ થઇને પાછા ફરે છે !

એક વખત એવું બન્યું કે કુમારપાળ સૈનિકોથી બચવા એક ખેતરમાં ભરાઈ ગયો. ખેતરના માલિક ભીમસિંહે તરત જ તેને કાંટાના ઢગલામાં છૂપાવી દીધો !

સૈનિકો ખેતરમાં ધૂસી આવ્યા. ભીમસિંહને પૂછયું :

' બોલ, કુમારપાળ કયાં છે ? '

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાથ જોડીને ભીમસિંહે કહ્યું :

'કુમારપાળને હું ઓળખતો જ નથી !'

સૈનિકનો સરદાર લાલ આંખ કરી ગર્જના કરે છે :

'યાદ રાખજે કે કુમારપાળ રાજ્યનો શત્રુ છે. તેને જો રક્ષણ આપ્યું તો તારું પણ આવી જ બન્યું સમજજે !'

ભીમસિંહ મૌન ધરીને ઊભો છે.

સૈનિકોએ ખેતરને ખુણે ખુણે તપાસ કરી જોઇ. તેમને ખાતરી હતી જ કે કુમારપાળ આ ખેતરમાં જ ભરાઇ ગયો છે !

કેટલાક સૈનિકોએ પેલા કાંટના ઢગલામાં ભાલા ઘોંચી જોયા !

અદ્‌ભુત !

કુમારપાળ બચી ગયો ! સૈનિકો વીલે મોઢે પાછા ફર્યા. કુમારપાળ પુન્યબળે આબાદ બચી ગયો.

એક વખત કુમારપાળ શ્રી હેમચંદ્રાચાર્યના ઉપાશ્રયમાં હતો. થોડી જ વારમાં સૈનિકો દોડતા આવી પહોંચ્યા. શ્રી હેમચંદ્રાચાર્યે જોયું કે કુમારપાળ પકડાઈ જશે ! તરત જ તેમણે કુમારપાળને પુસ્તકોના ઢગલામાં છૂપાવી દીધા !

વિચાર તો કરો કે એ જમાનામાં પુસ્તકોનો ડુંગર ખડો કરી દેનાર આચાર્ય મહારાજ કેવા મહાન ગ્રંથો લખતાં હશે !

સૈનિકો ઉપાશ્રયમાં દાખલ થતાં અચકાયા. બહારથી જ તેમણે નીગાહ ફેરવી લીધી કે અપાસરામાં કોણ કોણ છે ?

તે દિવસે પણ રાજના સુભટો નિરાશ થઈને પાછા ફર્યા.

એક વખત એવું બન્યું કે કુમારપાળ ઉદયન મંત્રીને ઘેર પહોચી ગયા ! પ્રજાએ જાણ્યું કે આજે તો કુમારપાળ મોતના મુખમાં સામે ચઢીને પહોંચી ગયા છે !

મંત્રી ઉદયનનો પુત્ર ચાહડ કુમારપાળનો હરીફ છે ! રાજા સિદ્ધરાજ પોતાની પાછળ કુમારપાળને બદલે ચાહડને ગાદી સોંપવા ઇચ્છે છે.

પણ બન્યું ગજબ !

મંત્રી ઉદયને કુમારપાળને એ દિવસે અદ્ભુત રક્ષણ આપ્યું !

મંત્રીએ કુમારપાળને હેમખેમ નગરની બહાર રવાના કરી દીધો ! સૈનિકો જોતાં જ રહી ગયા.

રાજા સિદ્ધરાજે હવે કુમારપાળને પકડી લેવા માટે કડક પગલાં લીધાં.

રૈયત થથરી ઊઠી.

કુમારપાળને હવે કોઈ આશ્રય આપતું નહિ.

રાજપુરુષોનો ત્રાસ વધી ગયો હતો.

વળી એક વખત કુમારપાળ નગરીમાં આવી પહોંચ્યો. મજાનો વેશપલટો લીધો છે. નગરમાં જ્યાં જવાનું છે ત્યાં તે સડસડાટ પહોંચી ગયો. પણ કોઇએ તેને ઓળખી લીધો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને વાત વહેતી વહેતી રાજ દરબારે પહોંચી ગઈ.

રાજા સિદ્ધરાજે ઉચ્ચ કોટિના અમલદારોને કુમારપાળની પાછળ દોડાવ્યા.

કુમારપાળને માહિતી મળી ગઈ.

જલદીથી કામ પતાવીને તે હોંશિયારીથી પાછો ફરી રહ્યો હતો ત્યાં જ......

–દૂરથી અશ્વ પર બેઠેલા એક રાજપુરુષે તેને ઓળખી કાઢ્યો અને તેણે ગર્જના કરી,

'પેલો રહ્યો કુમારપાળ ! હા, હા, એ જ કુમારપાળ છે ! પકડી લો એને !'

સાથેના સૈનિકો દોડીને કુમારપાળને પકડી લે તે પહેલાં તો કુમારપાળ છટકી ગયો !

સૈનિકો તેની પાછળ દોડયા.

કુમારપાળ નજીકના એક વિશાળ મહોલ્લામાં ઘૂસી ગયો. લાગ જોઈને એક વૃદ્ધ સ્ત્રીના ઘરમાં ભરાઈ ગયો.

કુમારપાળે તે વૃદ્ધાને પોતાની ઓળખ આપી, અને પોતાને રક્ષણ આપવાની માંગણી કરી.

આ શેરીમાં ધનિક વેપારીઓ, ઝવેરીઓ અને કરોડપતિઓ વસતા હતા. એકેક હવેલી જુઓ તો છક થઈ જવાય ! સાત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાત માળની મહેલાતો ગગન જોડે વાતો કરી રહી છે! એક એક હવેલીમાં વળી અસંખ્ય ઓરડાઓ છે!

આવા વિશાળ મહેલ્લામાં કુમારપાળ કોને ઘેર છૂપાઈ ગયો હશે એ જાણવું મુશ્કેલ બની ગયું!

રાજપુરુષો મુંઝાયા.

સૈનિકોને હુકમ કર્યો કે મહોલ્લાની ચારે બાજુ ઘેરો ઘાલી દો!

થોડીવારે રાજા સિદ્ધરાજ પણ ત્યાં દોડી આવ્યા.

પણ કોને ઘેર તપાસ કરવી? એક ઘરની જડતી લેતાં જ અડધો દિવસ પસાર થઇ જાય! વળી સૈનિકોના ટોળેટોળાં કામે લગાડવાં પડે!

વળી રાજદરબારે માનમોભ્મા મેળવતા આ શ્રીમંતો અને મહારથીઓનાં મન દુભાય.

રાજા ચિંતામાં પડી ગયા.

હાથમાં આવેલો શિકાર પણ શું ચાલ્યો જશે?

કોઇએ રાજાને સલાહ આપી:

'મહારાજ! આપણી નગરીમાં વિદ્વાન જ્યોતિષિઓ વસે છે. તેમને બોલાવો! તેઓમાંથી કોઈ ને કોઇ જ્યોતિષવિદ્યાના બળે જરૂર કહી આપશે કે કુમારપાળ કોના ઘરમાં હમણાં આશ્રય લે છે!'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાને આ વાત ગમી

જ્યોતિષિઓને તેડાવી મંગાવ્યા.

રાજાએ તેમને પ્રશ્ન પૂછયો :

' કહો પંડિતો ! કુમારપાળ કોના ઘરમાં હમણાં થથરી રહ્યા છે ?'

વિદ્વાન જોશીઓ કુંડલી મૂકીને રાજાનો પ્રશ્ન ઊકેલવા લાગ્યા. એ જમાનામાં ભારતના બાહોશ જ્યોતિષિઓ પળેપળની અને રજેરજની માહિતી બિલકુલ સાચી અને ગણતરીબદ્ધ આપી દેતા હતા !

એ શેરીમાં હવે સન્નાટો મચી ગયો. સૌને જાણ થઇ કે જે ઘરમાં કુમારપાળ છૂપાયો હશે તે ઘરના માલિકનું પણ હવે આવી બન્યું સમજો ! કુમારપાળ તો કરમાઈ જશે જ પણ તેને આસરો આપનાર પેઢીને પણ વંશપરંપરા શરમાઈને જીવવું પડશે !

કુમારપાળ જેના ઘરમાં છૂપાયો છે તે ડોસીને પણ ખબર પડી ગઇ કે રાજાના જોશીઓ ઝટ વારમાં હવે ધડાકો કરી દેનાર છે કે કુમારપાળની સાથોસાથ આજે બીજું કોનું મોત પણ ભમી રહ્યું છે ?

ડોસીએ પોતાના નાના અમસ્તા ઘરમાં, એક ખુણે કુમારપાળને સંતાડી રાખ્યો હતો.

વ્યવહારચતુર ને અનુભવી ડોસીએ તરત જ ભેજું દોડાવ્યું ને બીજી જ પળે તેના મગજમાં ચમકારો થયો. તરત જ તેણે કુમારપાળને કહ્યું:

'ભાઈ, જલદી કર! આ બીજા ખુણામાં પડેલી ઘંટીના થાળાની વચ્ચોવચ તું બેસી જા!'

કુમારપાળ તો ધ્રૂજવા લાગ્યો!

આ ડોસી કેવી કરે છે વાત?

ઘંટીના થાળા પર બેસવાથી શું તે બચી જવાનો છે? ઊલટું એ ખુણો તો તરત જડી જાય એવો છે!

કુમારપાળ વિચારમાં પડી ગયો છે જાણીને ડોસી બોલી:

'દીકરા, તું ગભરાઈશ નહીં. મારું કહ્યું માન! તું જો તો ખરો કે કેવો ચમત્કાર બને છે! ઘંટીના થાળા પર તું બેઠો કે બીજી જ ઘડીથી તારા માથા પરથી મોત ભાગી જ ગયું સમજજે!'

કુમારપાળે ડોસીની સલાહ માની.

તેણે વિચાર કર્યો કે અનુભવી માજી પાસે જરૂર કંઈ કિમિયો કે કસબ હશે! નહિતર તે આવી સલાહ શા માટે આપે?

એટલે ડોસીની વાત પર શ્રદ્ધા રાખીને કુમારપાળ ઘંટીના થાળ પર બેસી ગયો.

તરત જ ડોસીએ ઘંટીના થાળાનું કાણું માટીથી પૂરી દીધું. પછી થાળાની આજુબાજુ ડોસીએ પાણી ભરી દીધું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ડોસી બોલી : 'દીકરા, હવે જોઈ લ્યે કે કોનો ચમત્કાર કામ કરે છે ? આ ડોસી જીતે છે કે રાજાનો જોશી જીતે છે ?'

પેલા વિદ્વાન જ્યોતિષિઓ કુંડલી મૂકીને હજીય રાજાનો પ્રશ્ન ઊકેલી રહ્યા હતા. એક જોશીએ નિરાશાજનક સાદે કહ્યું :

'મહારાજ ! ગજબ થઈ ગયો ! થોડીવાર પર તો મને કુમારપાળ આ શેરીમાં જ હોવાની ખાતરી થઈ ગઈ હતી અને હું વધુ ચોકસાઈપૂર્વક ગણતરી કરી રહ્યો હતો કે તે અહીંથી કેટલે દૂર છે ? પણ હમણાં થોડીક ક્ષણો પર જ મેં જોયું તો કુમારપાળ તો કોઇ બેટ પર બેઠેલો છે ! હા, હા, તેની ચારે બાજુ પાણી છે ! કુમારપાળ અહીં આપણી નગરીમાં નથી ! તે જરૂર અહીંથી છટકી ગયો લાગે છે ! મહારાજ, આપ સૈનિકોને દોડાવી નજીકના બેટ પર જરૂર તપાસ કરાવો ! તરત તે પકડાઈ જશે !'

બીજા બધા જોશીઓએ પોતાનાં ટીપણાં મૂકી દીધા.

રાજા નિરાશ થઈ ગયા !

હવે એ શેરીના તમામ શાહુકાર લોકો હાથ જોડીને રાજાને કહેવા લાગ્યા :

'મહારાજા ! અમે કોઇને સંતાડચા નથી. અમે રાજદ્રોહ કરીએ છીએ એમ જો આપને શંકા જતી હોય તો બેલાશક આ શેરીના સૌ ઘરોની આપ જડતી લો ! જો કુમારપાળ કયાંયથી પણ જડી આવશે તો અમે રાજીખુશીથી શૂળીએ ચઢીશું !'

મહાજનોની વાત સાંભળીને રાજાને સંતોષ થયો.

સિદ્ધરાજ મહેલમાં પાછા ફર્યા.

એક ઉત્સવ જેટલો આનંદ એ દિવસે ડોસીએ માણ્યો. કુમારપાળ બચી ગયા.

ચબરાક ડોસી રાજાને, જ્યોતિષિઓને અને સૌ મહાજનોને આબાદ છેતરી ગઇ.

જો કે, જ્યોતિષિઓનો જોશ ખોટો નહોતો, પણ ડોસીએ એવી ચાલાકી કરી કે જ્ઞાન અને વહેવારિકતા વચ્ચે ગૂંચ ઊભી થઇ અને જોશીઓ બિચારા વહેવારિક કુશળતાને અભાવે ઠગાઇ ગયા.

જ્યોતિષ ખોટું નથી. તેને મૂલવવાની સૂઝ, શક્તિ અને આવડતના અભાવે સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

જૈન જ્યોતિષ પણ અનેક સુંદર ચમત્કારોથી ભરપૂર છે. શુકન, આગાહી, ભવિષ્ય જાણી લેવાની કળા, અને બીજી અનેક બાબતોનું સચોટ માર્ગદર્શન જાણવા અને મેળવવા હવે પછી રજૂ થનારી પચ્ચીસ પુસ્તકોની સિરિઝમાં જ્યોતિષ વિષયક કેટલાક ઉપયોગી ગ્રંથો પણ પ્રગટ થનાર છે.

*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ઉત્સવ

*

**શ્રાવસ્તી** નગરી.

મનોહર આ નગરીમાં જિતારિ રાજા રાજ કરે છે.

સેના રાણી છે.

ફાગણ સુદ આઠમનો દિન છે. મૃગશિર નક્ષત્ર અને મિથુન રાશિનો ચંદ્ર એ દિવસે વર્તતો હતો. રાણીને કુખે એ દિવસની મધરાત્રીએ સંભવનાથ પ્રભુનો જીવ પધારે છે.

પ્રભુ જન્મ લે ત્યારે નારકીના જીવોને પણ થોડી વાર સુખનો અનુભવ થાય છે. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણે લોકમાં વીજળીના જેવો પ્રકાશ ઝગમગી રહે છે. બધે અજવાળું અજવાળું છવાઈ જાય છે.

આ પ્રસંગે પ્રભુના માતા સેનાએ ચૌદ મોટાં સ્વપ્નાં જોયાં.

**પહેલા** સ્વપ્નમાં માતાએ ઉત્તમ હાથી જોયો. હાથી પણ કંઈ જેવો તેવો શ્યામ રંગનો નહિ ! પણ મેઘની ગર્જના કરતો હોય તેવો મહાન અને શ્વેત રંગનો ગજેન્દ્ર જોયો !

**બીજા** સ્વપ્નમાં નિર્મળ બળદ જોયો, અને **ત્રીજા** સ્વપ્ને કેસરી સિંહનાં દર્શન થયાં.

અને **ચોથે** સ્વપ્ને તો........

અદ્દભુત ! અદ્દભુત !

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખુદ લક્ષ્મીદેવીને નિહાળ્યાં ! એ હાથીઓ લક્ષ્મીદેવીને અભિષેક કરી રહ્યાં છે !

**પાંચમું** સ્વપ્ન નિહાળ્યું. તેમાં સુંદર ફૂલોની માળા જોઈ. **છઠ્ઠા** સ્વપ્ને અરીસા જેવો રૂપાળો ચંદ્રને જોયો

માતાએ **સાતમા** સ્વપ્નમાં તેજસ્વી સૂર્યને નીરખ્યો. **આઠમે** સ્વપ્ને ઘૂઘરીઓ અને પતાકાઓથી શોભતો ઈન્દ્રધ્વજ દેખાયો.

**નવમે** સ્વપ્ને જળ ભરેલા કળશના જેવો કુંભ જોયો. **દશમા** સ્વપ્નમાં સુશોભિત કમળોવાળું સરોવર જોયું. **અગિયારમા** સ્વપ્નમાં ક્ષીર સમુદ્રને નીરખ્યો.

સેના રાણીએ **બારમા** સ્વપ્નમાં ઉત્તમ વિમાન જોયું

માતાએ **તેરમા** સ્વપ્નમાં જાણે ઝળહળ રત્નોનો ડુંગર જેવો અદ્ભુત રત્નોનો ઢગલો નિહાળ્યો અને છેલ્લે, માતા **ચૌદમા** સ્વપ્નામાં ધૂમ વિનાનો તેજસ્વી અગ્નિ નિહાળે છે.

આ પ્રમાણે ચૌદ સ્વપ્નો જોઇને રાણી જાગ્યાં. જો કે હજી રાત વીતી ગઈ નથી.

આનંદનો પાર નથી. કોઈ અનેરા સુખની લાગણી રાણી અનુભવે છે.

રાજા સમક્ષ રાણી સ્વપ્નોની અદ્ભુત વાત કહે છે.

રાજા ખુશી અનુભવે છે. રાણીને કહે છે :

'તમે ધન્ય છો. આ સ્વપ્નાનાં ફળરૂપે તમને ઉત્તમ પુત્રરત્નની પ્રાપ્તિ થશે.'

સ્વર્ગલોકમાં ઇન્દ્ર મહારાજાને પણ ખબર પડી જાય છે. પ્રભુનું ચ્યવન જાણીને ઇન્દ્રો આવીને પ્રભુની માતા સેનારાણીને કહે છે :

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'હે માતા ! તમારી કુખને વિશે ત્રીજા તીર્થંકર પુત્રરૂપે આવ્યા છે!'

મેઘની ગર્જના સાંભળીને મયૂરીને જેવો હર્ષ થાય છે તેવો આનંદ પ્રભુની માતા અનુભવે છે. સ્વપ્નો જોઈને અને તેની મધુર વાત સાંભળીને રાણી બાકીની રાત જાગતાં જ પૂરી કરે છે

તે દિવસે સેનારાણીએ ગર્ભ ધારણ કર્યો.

દિવસો પસાર થવા લાગ્યા.

ગર્ભના પ્રભાવથી માતાની આંખોનું તેજ વધવા માંડ્યું. લાવણ્યમાં વૃદ્ધિ થવા માંડી. સુંદરતાથી અંગો ખીલી ઊઠ્યાં.

જ્યારે પ્રભુને ગર્ભમાં આવ્યાને નવ મહિના ને સાડી સાત દિવસ થયા ત્યારે માગસર સુદ ચૌદસનો દિવસ હતો. તે દિવસે મિથુન રાશિ અને મૃગશિર નક્ષત્રનો ચંદ્ર સાથે યોગ ચાલતો હતો. એ વેળા સેનારાણીએ પ્રભુને જન્મ આપ્યો.

અશ્વ એટલે ઘોડાના લાંછનવાળા અને સોના સમાન પીળા વર્ણવાળી કાયાવાળા શ્રી સંભવનાથ પ્રભુ હતા.

પ્રભુના જન્મ વખતે નારકીના જીવો પણ સુખ પામે છે. વળી ત્રણ જીવનમાં તે સમયે અજવાળું પ્રગટ થાય છે. સર્વ ગ્રહો પણ ઉચ્ચ સ્થાને બિરાજતા હોય છે. સર્વ દિશાઓ પ્રસન્ન ને પ્રફુલ્લિત દેખાય છે. પવન મંદ મંદ સર્વ જીવોને આનંદ લાગે તેવો શીતળ ને શાંત વાય છે. પ્રજાઓ આનંદ પામે છે ને ઉત્સવ કરે છે. તે વેળા જલની વૃષ્ટિ થાય છે. આકાશમાં દેવતાઈ વાજીંત્રો (દુંદુભિનાદ) સંભળાય છે.

પ્રભુનો જન્મ થાય ત્યારે પવન પૃથ્વી ઉપરથી રજધુળને દૂર કરે છે. પૃથ્વી પણ નવું ચેતન અનુભવે છે. છપ્પન દિકકુમારીઓ પ્રભુની તથા પ્રભુના માતાની ભક્તિપૂર્વક સેવા કરે છે.

એ પછી સૌધર્મેન્દ્ર પાંચ રૂપ કરી દેવો સાથે પ્રભુને મેરૂપર્વત પર લઈ જાય છે. ત્યાં પાંડુક વન છે. તેમાં મનોહર શિલા પર મૂકેલા સિંહાસન ઉપર પ્રભુને બેસાડીને ૬૪ ઇંદ્રો વગેરે તેમની ઉપર અઢીસો અભિષેક કરે છે.

પછી ઈંદ્રો વગેરે પ્રભુની સ્તુતિ કરતાં કહે છે :

'હે પ્રભુ! આપ વિશ્વનું રક્ષણ કરનારા છો. આપ જે સત્ય સમૃદ્ધિ એટલે કે સાચી ઋદ્ધિ જે જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે તેના ધારણ કરનારા છો.

હે ત્રીજા જિનેશ્વર દેવ! હું તમોને નમસ્કાર કરું છું, કારણ કે તમે મોક્ષના સાચા સુખને આપનારા છો. તમે જગતની અંદર વિલક્ષણ છો, જન્મથી તમે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાનથી સહિત છો.

પ્રભુનું શરીર પરસેવા રહિત હોય છે. તેમનો શ્વાસ સુગંધી હોય છે. તેમના લોહીમાંસ દૂધ જેવા સફેદ હોય છે. ચર્મચક્ષુવાળા જીવોને પ્રભુનો આહારનિહાર અદશ્ય હોય છે. આ ચાર અતિશયો હે પ્રભુ! જન્મથી તમારામાં રહેલા છે. આવા ત્રણ જ્ઞાન અને અતિશયો તીર્થંકર સિવાયના જીવોને ન હોય, માટે હું આપને બીજા સામાન્ય જીવોથી વિલક્ષણ માનું છું.

હે પ્રભુ! તમો એક હજારને આઠ ઉત્તમ લક્ષણોને ધારણ કરનારા છો, તેમજ જનકલ્યાણકના શુભ અવસરે તમે સર્વ જીવોના કલ્યાણ કરનારા પણ છો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે પ્રભુ ! કલંક રહિત ચંદ્રમા સરખા તમે જે રાત્રિમાં અમારા પુન્યના ઉદયથી પ્રગટ થયા એટલે જન્મ ધારણ કરો છો તે આખી રાત્રી પણ પ્રશંસા કરવા લાયક છે. આ અવસરે પ્રભુના જન્મ કલ્યાણકનો ઉત્સવ તથા દર્શન તેમજ વંદન કરવાને આવતા જતા દેવો તથા ઇંદ્રો વગેરેથી આ મનુષ્યલોક પણ દેવલોક જેવો દેખાય છે !

આ બાજુ જિતારી રાજા પુત્રના જન્મની વધામણી સાંભળીને ઘણા રાજી થયા. તેમણે પુત્રજન્મનો સુંદર મહોત્સવ ઊજવ્યો. તે વખતે આખી નગરીમાં ઘેર ઘેર ઓચ્છવ થયો. એ પછી પ્રભુના માતાપિતાએ પ્રભુનું નામ પાડયું—સંભવ !

સંભવ !

દેવોને આ નામ ઘણું ગમ્યું. નગરજનોને પણ આ નામ ઘણું મીઠું, નવું ને આનંદ આપનારું ઊપજ્યું.

પ્રભુનું નામ સંભવનાથ પાડવાનું કારણ જણાવતાં કહે છે કે પ્રભુમાં શ્રેષ્ઠ અતિશયોનો સંભવ હતો. તેથી માતા-પિતાએ 'સંભવ' નામ પાડયું. બીજું કારણ એ હતું કે માતાના ગર્ભમાં રહેલા પ્રભુના પ્રભાવે જે પહેલાં દુષ્કાળ પ્રવર્તતો હતો તે મટીને સુકાળ થયો હતો ! શંબા (શીંગ) નામનું ધાન્ય ઘણું સંભળ્યું (પાકયું) એટલે પણ પ્રભુનું નામ 'સંભવ' પાડયું.

( સંભવનાથ પ્રભુનું સંપૂર્ણ જીવનચરિત્ર એકસો આઠ સિરિઝના કોઈ એક પુસ્તકમાં પ્રગટ કરવામાં આવશે. )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રભાવ !

ઊકરડા જેવી આ જગ્યાએ કોણ ધ્યાન ધરી રહ્યું છે?

'ઓહ ! અદ્ભુત !

આ તો આચાર્ય મહારાજ ઊભા છે !

વારંવાર આ જ સ્થાને ગુરુ મહારાજ શા માટે કાઉસગ્ગ કરે છે?

સેરીસા ગામના શ્રાવકો વિચારમાં પડી ગયા.

તેમણે એક વખત તક જોઇને આચાર્ય મહારાજને પૂછયું :

'હે ભગવંત ! આપ અનેક વાર, આ જ જગ્યાએ શા માટે ધ્યાન ધરો છો ?'

ગુરુમહારાજના મુખ પર સ્મિત ફરકયું. તેમણે જવાબ આપ્યો :

'આ જગ્યાએ પાષાણની વિશાળ શિલા છે. તેમાંથી મહાપ્રભાવશાળી શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા થઇ શકે તેમ છે. પણ આ કાર્ય પદ્માવતી દેવીની સહાયથી જ થઈ શકે.'

ગુરુ મહારાજની વાત સાંભળીને લોકોને આનંદ થયો. તેમણે હાથ જોડીને કહ્યું :

'આચાર્ય મહારાજ ! આપ પોતે જ અઠ્ઠમ તપની આરાધના કરી દેવીની સહાય માંગો !'

ગુરુમહારાજે શ્રાવકોની વાત સ્વીકારી લીધી. અઠ્ઠમતપથી દેવીની આરાધના કરી. દેવીએ પ્રત્યક્ષ દર્શન આપીને કહ્યું :

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'સોપારક નામનું ગામ છે. ત્યાં એક આંધળો સલાટ રહે છે. તેને અહીં લઇ આવો. જો તે સલાટ અઠ્ઠમતપ કરીને સૂર્ય આથમ્યા બાદ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાને ઘડવા માંડે તો સૂર્ય ઊગતાં પહેલાં જ તે પ્રતિમાને સંપૂર્ણ બનાવી શકશે.'

આટલું કહીને દેવી અંતર્ધ્યાન થઈ ગયાં.

બીજે દિવસે આચાર્ય મહારાજે શ્રાવકોને આ બધી હકીકત જણાવી.

તરત જ શ્રાવકો દોડયા.

સોપારક ગામમાં પહોંચી ગયા. પેલા આંધળા સલાટને શોધી કાઢયો. તેને પોતાની નગરીમાં લઈ આવ્યા.

આંધળા સલાટે પ્રતિમા ઘડવા માંડી.

મસ્તક ઉપર ધરણેન્દ્રની ફણાના દેખાવવાળી પ્રતિમા ઘડતાં ઘડતાં છાતીના ભાગમાં મશ (મસો) પ્રકટ થયો. સલાટને લાગ્યું કે એ તો સામાન્ય ડાઘ હશે. આમ એ વાત તેણે ધ્યાનમાં ન લીધી.

પ્રતિમા સંપૂર્ણ ઘડાઈ રહ્યા બાદ સલાટ તેને છેલ્લો ઓપ આપી રહ્યો હતો ત્યારે તેને ભાન થયું કે પેલો ડાઘ એ તો મશ હતો!

સલાટે એ મસાને દૂર કરવા માટે તે જગ્યાએ સાધનનો ઉપયોગ કર્યો. તો તે મસાવાળા ભાગમાંથી લોહીની ધાર છૂટી.

સૌ ચમકી ગયા.

શ્રાવકો દોડી ગયા ગુરુમહારાજ પાસે.

તેમને આ હકીકતની જાણ કરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુરુએ સલાટને ઠપકો આપતાં કહ્યું :

'અરે શિલ્પી! આ તેં શું કર્યું? સાધન વાપરવાની કંઈ પણ જરૂર નહોતી! જો તેં આ મશને જેમ ને તેમ રહેવા દીધો હોત તો આ પ્રતિમા મહાચમત્કારી બનત!'

પછી એ મસાવાળી જગ્યાએ અંગુઠો દબાવવાથી લોહી વહેતું બંધ થયું.

આ પ્રતિમા તૈયાર થયા બાદ બીજી પણ એ જ સ્થળે ચોવીસ પ્રતિમાઓની સ્થાપના થઈ.

એ પછી દેવતાઇ શક્તિથી-દેવ મારફત ગગનમાર્ગે, રાત્રીએ, બીજાં ત્રણ બિંબો અહીંથી શ્રી સેરીસા તીર્થમાં અયોધ્યાથી લાવવામાં આવ્યા.

ચોથું બિંબ પણ અહીં લાવવામાં આવતું હતું ત્યારે વચમાં ધારીસેનક ગામના ક્ષેત્રમાં પ્રભાતકાળ થવાથી તે ત્યાં જ સ્થિર થઈ ગયું!

એ પછી સેરીસા તીર્થમાં, શ્રી કુમારપાલે ચોથું બિંબ ભરાવીને સ્થાપન કર્યું.

**શ્રી** સેરીસા પાર્શ્વનાથની મહાચમત્કારી પ્રતિમાને હાલ પણ શ્રદ્ધાળુજનો ભક્તિભાવથી આરાધી પોતાના સઘળાં વિઘ્નો દૂર કરી ઋદ્ધિસિદ્ધિ મેળવે છે. આ પ્રતિમાના પ્રભાવે એ તીર્થમાં મલેચ્છો પણ ઉપદ્રવ કરી શકતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આશાતનાનું ફળ

કામરૂપ નગર.

એમાં એક ચાંડાળ રહે.

તેને ઘેર એક પુત્રનો જન્મ થયો.

એ પુત્રનો ગયા ભવનો એક વેરી વ્યંતર દેવ થયો હતો. તે વ્યંતરે આવીને આ પુત્રનું હરણ કરીને તેને એક વનમાં મૂકી દીધો !

હવે નગરનો રાજા ફરતાં ફરતાં એ વનમાં આવી પહોંચ્યો. તેણે નિઃસહાય દશામાં પડેલા પેલા બાળકને જોયો.

રાજાને કશું સંતાન નહોતું. તેને થયું કે ભગવાને મને આ પુત્ર આપ્યો છે! હું એને મારી સાથે લઇ જાઉં. કુંવર જ સમજીને એનું લાલનપાલન કરીશ. મારા પછી રાજગાદીનો એ વારસ બનશે.

રાજા એ બાળકને મહેલમાં લઈ ગયો.

વરસો વીત્યાં, ને પેલો બાળક તરુણ અવસ્થાએ પહોંચ્યો. રાજાએ તેનું નામ પુણ્યસાર પાડયું હતું.

એક વખત રાજાને સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્યો. તેમણે પુણ્યસારને રાજગાદી સોંપી પોતે દીક્ષા લીધી.

રાજામુનિને સંયમ પાળતાં પાળતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

હવે આ કેવળીમુનિ ફરતાં ફરતાં એકવાર પોતાની જ નગરીમાં પધાર્યા.

પુણ્યસાર અને નગરના લોકો કેવળી મહારાજને વંદન કરવા ગયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે એવું બન્યું કે પુણ્યસારને જન્મ આપનાર ચાંડાળણી પણ ત્યાં કેવળી મુનિને વંદન કરવા આવી હતી. તેણે પુણ્યસારને નીરખ્યો.

અને તરત જ ચંડાળણીના સ્તનમાંથી દૂધની ધારાઓ વહેવા લાગી.

સઘળું લોક વિસ્મય પામી ગયું!

આ શો ચમત્કાર છે?

રાજા પુણ્યસારને દેખીને આ ચંડાળણીના સ્તનમાંથી દૂધની ધારા કેમ વહેતી હશે?

રાજાએ પણ કેવલી મહારાજને આ પ્રશ્ન પૂછયો.

કેવળી મુનિએ જવાબ આપ્યો:

'હે પુણ્યસાર, એમાં નવાઇ પામવા જેવું કશું નથી. એ ચાંડાળણી તારી માતા છે!'

સૌ લોક અવાક થઇ ગયું.

કેવળી મહારાજ આગળ કહેવા લાગ્યા:

'પુણ્યસાર, પુણ્યના પ્રભાવની આ કથા થોડી વિચિત્ર પણ છે. હું તને બધી વાત કહીશ. વરસો પહેલાં તું વનમાં એક વૃક્ષ નીચે નિરાધાર અવસ્થામાં સૂતેલો હતો. ત્યાંથી હું તને રાજમહેલમાં લઈ આવ્યો હતો. પણ તારી ખરી માતા તો આ ચાંડાળણી જ છે!'

રાજા, ચાંડાળણી અને નગરજનોની આંખમાં અમી ભરાયાં.

પુણ્યસારે પૂછયું:

'હે પ્રભુ! મેં ગયા ભવમાં એવાં તે શાં કર્મ કર્યાં હશે કે આ ભવમાં હું ચાંડાળને ઘેર જન્મ્યો હોઇશ?'

ઉત્તર આપતાં કેવળી ભગવંતે કહ્યું :

'હે પુણ્યસાર ! પૂર્વભવમાં તું એક મોટો વેપારી હતો. તું રોજ જિનપૂજા કરનારો હતો. પણ એક દિવસ તેં પ્રભુની આશાતના કરી હતી. પૂજા કરતી વખતે તેં જમીન પર પડેલું પુષ્પ–એ હકીકત જાણવા છતાં કે એ ફૂલ ચડાવવા લાયક નથી છતાં–એમાં વળી શું વાંધો હોઇ શકે ?—એમ વિચારીને અને અવજ્ઞા કરીને પ્રભુને તેં એ પુષ્પ ચઢાવ્યું હતું. એ અઘટિત કર્મને લઇને તું આ ભવમાં ચંડાલ થયો છે. શાસ્ત્રમાં કહ્યું છે કે અયોગ્ય ફળ, ફૂલ કે નૈવેદ્ય ભગવાનને ચડાવે તો તે પ્રાયઃ પરલોકમાં નીચ કુળમાં ઉત્પન્ન થવાનું કર્મ બાંધે છે.'


પુણ્યસારે આ હકીકત સાંભળી લીધા પછી પોતાની માતા ચાંડાળણી સમીપ નજર કરી. તરતજ તેણે કેવળી ભગવાને પૂછ્યું,

'હે પ્રભુ ! મારી આ માતાનો જન્મ પણ ચંડાળ કુળમાં કેમ થયો છે ?'

કેવળી મહારાજ કહે :

'હે રાજન્ ! તારાં પૂર્વભવની જે માતા હતી તેણે એક દિવસ સ્ત્રીધર્મ (રજસ્વલા)માં આવેલી હોવા છતાં પણ દેવપૂજા કરી હતી. તે કર્મથી તે મરણ પામ્યા પછી ચંડાળણી થઈ છે !'

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



પાટણ મુકામે પૂજ્ય મુનિરાજ શ્રી ચિદાનંદમુનિ મહારાજ સાહેબને પન્યાસ પદવી અપાઈ તે પ્રસંગની તસવીર. પદવી અપાયા પછી ધર્મદેશના ચાલી રહી છે.



## ૨૫ પુસ્તકોનો મંગલ સેટ — જૈન વ્યક્તિએ જાણવા જેવું

જૈન સાહિત્ય અમોલું, અજોડ, અનેક અદ્‌ભુત અને સુંદર જાણવા જેવી માહિતીઓ, કથાઓ, જ્યોતિષ, મંત્રો, ચમત્કારો, સુખી થવા માટેના સર્વોત્તમ ઉપાયો, ગૂઢ પ્રશ્નોના યથાર્થ ઉત્તરો અને ઘણી બધી નવીનતાઓથી ભરપૂર ભંડાર સમાન છે.

આ સંસારમાં જૈન વ્યકિત તરીકે જન્મીને તમારે ખરું જૈનત્વ જાણી–પામીને તેનો લાભ ઉઠાવવાનો છે. જૈન સાહિત્યની ઉત્તમ કથાઓ, ચરિત્રો, ઉપરાંત મંત્રો શું છે, ક્યા ક્યા છે, કોને કેવી રીતે, તેનો લાભ મળી શકે છે, ઔષધ વિના અનેક રોગોનો ચમત્કારિક રીતે નાશ થઇ શકે છે, આ ઉપરાંત ગેબી વિદ્યાઓ, જાણવા જેવી શુકન–અપશુકનની વિગતો, જ્યોતિષની હકીકતો, રોજેરોજનું આપણું ભવિષ્ય, આગાહીની વાતો આ બધું ય જૈન સાહિત્યમાં ઉત્તમોત્તમ રીતે દર્શાવેલ છે.

પુનર્જન્મ, જન્મેલી વ્યકિતની માહિતીઓ જાણવાની રીતો, આપણી સાથેના લેણદેણુ, અનિષ્ટ દૂર કરવાના ઉપાયો, દેવો સાથેની વાતચીતની કળા, ઉત્તમ ચરિત્રો, વિધિઓ, દૃષ્ટાંતો, ભગવંતોએ કરેલી આગાહી, તેમની અમરવાણી, બીમાર પડયા હોય ત્યારે સર્વ વ્યાધિઓનાં દુઃખ ભૂલી જવાય એવું રમણીય વાંચન અને ઊંઘ ન આવતી હોય ત્યારે વાંચતાં મધુર નિદ્રામાં સરકી પડાય એવું મનોહર સાહિત્ય જૈનગ્રંથોમાં સચવાયેલું છે.

આ પુરાણા ગ્રંથોનો શાસ્ત્રોકત રીતે અભ્યાસ કરીને, સાદી, સરળ અને સમજાઈ શકે એવી મધુર શૈલીમાં ઉપરોકત વિષયોનું સાહિત્ય અમે તૈયાર કરી રહ્યા છીએ. એ સાહિત્યની એક મજાની સિરિઝ અમે પ્રગટ કરી રહ્યા છીએ. એ સિરિઝમાં નાના મોટાં પચ્ચીસ પુસ્તકોનો સેટ પ્રગટ થશે. એ સેટ **મંગલસુવાસ સેટ**ના નામથી ઓળખાશે.

આ સેટમાં પ્રગટ થનારા પુસ્તકોમાં પાંચ પુસ્તકો જૈન સાહિત્યની ઉત્તમ નવલકથાઓના હશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દરેક જૈનના ઘરમાં આ મંગલ સુવાસનો એક સેટ હશે તો જૈન ધર્મની સુવાસ અને મંગલતા સદાયે તેના ઘરમાં મઘમઘી ઊઠશે.

છેલ્લા ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવાનના નિર્વાણને પચીસસો વરસ પૂરાં થવાને હવે થોડોક જ સમય બાકી છે, એ પ્રસંગ નીમિત્તે આ મંગલસેટના પચ્ચીસ પુસ્તકો પ્રગટ કરવાની અમારી ભાવના છે.

આ સેટના કેટલાંક પુસ્તકો આ વરસે જ પ્રગટ થશે. ત્રણેક વરસમાં તમામ પચીસ પુસ્તકો પ્રગટ કરવાની ગણતરી છે.

પચીસ પુસ્તકોની આ શ્રેણીમાં એક રૂપિયાથી માંડીને પાંચ રૂપિઆ સુધીની કિંમતના પુસ્તકોની કુલ છુટક કિંમત રૂ. પોણોસોથી પણ વધી જશે. પણ આ આખો કંપલીટ સેટ અગાઉથી ગ્રાહક થનારને રૂ. પચીસની કિંમતે અપાશે. સેટના પુસ્તકો જેમ જેમ પ્રગટ થશે તેમ તેમ મોકલાતાં રહેશે. નીતિ પ્રકાશનનાં પુસ્તકોમાં એ સેટના પ્રગટ થતાં પુસ્તકોની માહિતી પ્રસિદ્ધ થતી રહેશે.

આપ પણ હમણાં જ રૂપિયા પચીસ મોકલી આ **મંગલ સુવાસ** સેટના ગ્રાહક બની જશો. કુલ એક હજાર સેટ પચીસ રૂપિઆની કિંમતે આપવાનું નક્કી કર્યું છે.

નીચે પ્રમાણે વિગત લખી મોકલશો.

વ્યવસ્થાપક શ્રી,
નીતિ પ્રકાશન, **સૂરત.**

સવિનય, આ સાથે રૂ. ૨૫ મ.ઓ./ચેક/આંગડીઆ સાથે મોકલ્યા છે, તો અમારું નામ મંગલ સુવાસ સેટના પચીસ પુસ્તકોના ગ્રાહક તરીકે નોંધી દેશોજી. નીચેના સરનામે પુસ્તકો જેમ જેમ પ્રગટ થાય તેમ તેમ મોકલતાં રહેશોજી.

નામ ______________________________

સરનામું ______________________________

ગામ ______________ જિલ્લો ______________

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**ઘેર બેઠાં અભ્યાસ કરીને**
**આ પરીક્ષા આપો !**

**આપના ઉત્તરો લખી મોકલો**
**એક વિશિષ્ટ પ્રકારની પરીક્ષા**

# જૈન ધર્મ વિશિષ્ટ જ્ઞાનપ્રાપ્તિ પરીક્ષા કેન્દ્ર

આપ આ પરીક્ષા ઘેરબેઠાં પુસ્તકોનો અભ્યાસ કરીને અને બીજાઓ પાસેથી માર્ગદર્શન મેળવીને આપી શકો છો. આ સાથે **આઠ** પ્રશ્નો રજૂ કર્યા છે. એમાંથી ગમે તે **પાંચ** પ્રશ્નોના જવાબ લખો. દરેક પ્રશ્નના **પચાસ** માર્ક્સ છે. કુલ **અઢીસો** માર્ક્સમાંથી **એકસોપચીસ** માર્ક્સ મેળવનાર ભાઈબહેનો પાસ થયેલા ગણાશે.

ફૂલ્સકેપ કાગળો કે નોટબૂકમાં ઉત્તરો લખી શકાશે. કાગળની બેઉ બાજુએ જવાબો લખી શકાશે.

કોઈ પણ ભાઈબહેન આ પરીક્ષા આપી શકે છે. કશી વયમર્યાદા નથી. શાળા–કૉલેજમાં ભણનારાઓ અને વ્યવસાયમાં જોડાયેલાં મોટી ઉંમરના ભાઈબહેનો પણ આ પરીક્ષા આપી શકે છે.

દરેક પાસ થનારને '**નીતિરત્ન**'નું બિરુદ અને **પ્રમાણપત્ર** આપવામાં આવશે.

પ્રથમ એકથી દસ નંબરના વિજયી પરીક્ષાર્થીઓને ખાસ ઇનામો આપવામાં આવશે.

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

આ ઉપરાંત પરીક્ષાર્થીઓએ લખેલ ઉત્તરોમાંથી ઉત્તમ સાહિત્યસામગ્રીનો સંચય કરી તેને પુસ્તકાકારે પ્રગટ કરવામાં આવશે. જે ભાઈબહેનો આ પરીક્ષા આપવા માંગતા હોય તેમણે કાર્યાલયને એક પત્ર લખી પોતાનો રજીસ્ટર નંબર મેળવી લેવો જરૂરી છે.

આપના જવાબો **૧૫મી નવેમ્બર ૧૯૭૦** સુધીમાં મોકલી આપો.

**નીતિ પ્રકાશન**, ૧/૩૭૮૭ મોટી દેશાઈ પોળ, **સૂરત-૧**

*  *  *

**નીચેના આઠ પ્રશ્નોમાંથી ગમે તે પાંચ પ્રશ્નોના જવાબ લખો :**

( ૧ ) તમે કોઈ પણ જૈન તીર્થની યાત્રા કરી હોય તો નીચેની બાબતોને ખ્યાલમાં રાખીને તેનું વર્ણન કરો. આસરે પચાસેક લીટીમાં લખો.

( અ ) એ તીર્થનો પ્રાચીન ઇતિહાસ અને તેની ગૌરવકથા.

( બ ) હાલ એ તીર્થ સંબંધી માહિતી અને વ્યવસ્થા.

( ક ) તમે એ તીર્થસ્થાનમાં કેવી રીતે સમય પસાર કર્યો ?

( ડ ) તે સ્થળે કોઈ ઉત્સવની ઉજવણી કરી હોય કે નિહાળી હોય તો તેનું વર્ણન કરો.

( ૩૦ ગુણ )

(૨) જૈન ધર્મનું કોઈ ઉત્તમ પુસ્તક તમે વાંચ્યું હોય તો તેમાંથી તમે શું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને એ પુસ્તકમાંથી જાણવા લાયક બાબતોનો ચિતાર રજૂ કરતો એક પત્ર આપના વડીલ પર આસરે પચાસેક લીટીમાં લખો.

(૩) ધારો કે કોઈ જૈન સંસ્થા અગર વ્યકિતએ આપને એક લાખ રૂપિયાની રકમ કોઈ ધાર્મિક પ્રવૃત્તિ માટે વાપરવા આપી હોય તો તમે એ ધનનો શો ઉપયોગ કરશો? તમે કઈ પ્રવૃત્તિ પાછળ એ નાણાંનો સદુપયોગ કરશો? તમારી યોજનાની વિગતો આસરે પચાસેક લીટીમાં લખો.

(૪) આ વરસે કોઈ સ્થળે ઉજવાયેલ ધાર્મિક ઉત્સવનું વર્ણન કરો. એ ઉત્સવની વિધિ વિશે પણ થોડુંક લખો. તમારી દૃષ્ટિએ એ ઉત્સવ વધુ સોહામણો ઉજવવા માટે તમારા સૂચનો પણ લખો.

અથવા

શ્રી મહાવીર સ્વામીના કેટલાક જીવનપ્રસંગો પચાસેક લીટીમાં લખો.

(૫) તમને પરિચિત કોઇ જૈન ઉદ્યોગપતિ કે ગણનાપાત્ર વ્યકિતની મુલાકાત લો. તેમને જૈન જગતના વિવિધ પાસાંઓને અનુલક્ષીને પંદરેક પ્રશ્નો પૂછો અને જવાબો મેળવો. એ પ્રશ્નોત્તરીની વિગત પચાસેક લીટીમાં લખો.

અથવા

જૈન ધર્મની ઉન્નતિ કેમ થાય અને જૈનોની આબાદી કેમ વધે એ વિશે પચાસેક લીટીમાં એક નિબંધ લખો.

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

( ૬ ) તમારો કોઈ મિત્ર દીક્ષા લેવા માંગે છે. તો તેને અભિનંદન આપતો એક પત્ર આસરે પચાસેક લીટીમાં લખો.

અથવા

તમારા કોઇ પરદેશી મિત્રને જૈન વ્યક્તિની દિનચર્યાની સંપૂર્ણ માહિતી મોકલો. આસરે પચાસેક લીટીમાં પત્ર લખો. તેને જૈન ધર્મના આચાર વિચારની ઝાંખી અચ્છી રીતે કરાવો.

( ૭ ) કોઇ એક જૈન મુનિમહારાજની મુલાકાત લો. તેમનો પરિચય આપો. તેમની પ્રતિભા, તપ, જ્ઞાન, દીક્ષાકાળ દરમિયાન તેમની પ્રવૃત્તિઓ, ગ્રંથલેખન વગેરે બાબતોનું વર્ણન કરો.

અથવા

'જૈન મુનિનો એક દિવસ' એ વિષય પર પચાસેક લીટીનો નિબંધ લખો.

( ૮ ) ( अ ) નીતિ પ્રકાશન સંસ્થાનું કોઈ એક પુસ્તક વાંચવાથી તમને જીવનમાં શો લાભ થયો તે જણાવો.

( ब ) જૈન સાહિત્યના પ્રગટ થતા કોઈ એક સામયિક (મેગેઝીન)ની ખૂબીઓ અને ખામીઓ વિશે લખો.

* * *

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

## ૨૫ પુસ્તકો તો પ્રગટ થઈ ગયાં,
## હવે ૧૦૮ ની સિરિઝ જલદી પૂરી કરો!

નીતિ પ્રકાશન સંસ્થાએ અત્યાર સુધી પચ્ચીસથી વધુ પુસ્તકો પ્રગટ કર્યાં છે. આજે જૈનો અને જૈનેતરોને ઘેર નીતિ પ્રકાશનનાં કથાનાં પુસ્તકો રસપૂર્વક વંચાય છે. જૈન જ્ઞાનભંડારો તથા અન્ય લાયબ્રેરીઓમાં, સ્કૂલોમાં પણ આ પુસ્તકોના સેટ વસાવાય છે. વિદ્યાર્થીઓને ભેટ આપવા માટે અને લહાણીરૂપે વહેંચવા પણ આ પુસ્તકોની માંગણી થાય છે.

પચ્ચીસ પુસ્તકોનું વાંચન મેળવ્યા પછી વાંચકો આ યોજનાના બધા જ એકસો ને આઠ પુસ્તકો જલદીથી તેમને મળે તેવી ભાવના સેવી રહયા છે. એ માટે ઘણા વાંચકોના વિચારો અમે જાણ્યા છે. લવાજમ વધારીને પણ દર વરસે વીસ પચ્ચીસ પુસ્તકો પ્રગટ થાય એવી વાંચકો ઇચ્છા રાખી રહયા છે.

**આથી આવતા વરસથી જ અમે દર વરસે વધુમાં વધુ પુસ્તકો પ્રગટ કરીશું. લવાજમના દર પુસ્તક દીઠ ગણાશે. કુલ એકસોને આઠ પુસ્તકોનો એક સામટો ભરવાનો દર રૂા એકાવન રહેશે. (આજીવન સભ્ય ફી પણ રૂપિયા એકાવન ગણાશે.)**

આજીવન સિવાય અન્ય ગ્રાહકોએ જો પુસ્તકો મંગાવવા હોય તો પુસ્તક દીઠ એક રૂપિયો ગણીને નાણાં મોકલવાનાં રહેશે.

**હવે આ વરસથી માત્ર આજીવન સભ્યો જ નોંધવામાં આવશે. જેઓ હમણાં વાર્ષિક, દ્વિવાર્ષિક કે ત્રિવાર્ષિક ગ્રાહકો છે તેઓએ આજીવન સભ્ય બની જવું હોય તો તેમણે કેટલી વધુ રકમ મોકલવી જોઈએ તે બાબત તેમને અલગ પત્રથી માહિતી મોકલી આપવામાં આવશે.**

**હવેથી આજીવન સભ્ય ફી રૂા. ૫૧) પ્રમાણે મોકલવી. પ્રચારકોએ પણ માત્ર આજીવન ગ્રાહકો જ નોંધવા.**

*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## જૈન જ્યોતિષ પ્રમાણે

ઘર પૂર્વભાગમાં ઊંચું હોય તો ધન જતું રહે છે. દક્ષિણ ભાગમાં ઊંચું હોય તો ધનની સમૃધ્ધિ થાય છે. પશ્ચિમ ભાગમાં ઊંચું હોય તો વૃદ્ધિ થાય છે, અને ઉત્તર દિશામાં ઊંચું હોય તો શૂન્ય થાય છે.

વલયાકારવાળું, ઘણા ખુણાવાળું, અથવા એક, બે કે ત્રણ ખુણાવાળું, જમણી તથા ડાબી બાજુએ લાંબું એવા ઘરમાં રહેવું નહિ.

જે ઘરમાં ખજૂરી, દાડમી, કેળ, બોરડી અથવા બિજોરીનાં ઝાડ ઊગે છે, તે ઘરનું શુભ થતું નથી. જેમાંથી દૂધ નીકળે એવાં ઝાડ હોય તો તે લક્ષ્મીનો નાશ કરે છે. કાંટાવાળા હોય તો શત્રુથી ભય આપે છે, ફળવાળાં હોય તો સંતતિને અહિત થાય છે. માટે એવા વૃક્ષનાં લાકડાં પણ ઘર બનાવવામાં વાપરવાં નહીં. કોઈ શાસ્ત્રકાર કહે છે કે ઘરનાં પૂર્વ ભાગમાં વડનું ઝાડ, દક્ષિણ ભાગમાં ઉંબર અને પશ્ચિમ ભાગમાં પીપળો અને ઉત્તર ભાગમાં ખાખરાનું ઝાડ શુભકારી છે.

ઘરના પૂર્વ ભાગમાં લક્ષ્મીનું ઘર (ભંડાર),, અગ્નિ ખુણામાં રસોડું, દક્ષિણ ભાગમાં સૂવાનું સ્થાન, નૈઋત્ય ખુણામાં આયુધ વગેરેનું સ્થાન, ઉત્તર દિશામાં પાણિયારું, અને ઇશાન ખુણામાં દેવમંદિર કરવું.

ઘરના દક્ષિણ ભાગમાં અગ્નિ, જળ, ગાય, વાયુ અને દીપક એમનાં સ્થાન કરવાં. ઘરના દ્વારની અપેક્ષાએ, એટલે કે જે દિશામાં ઘરનું બારણું હોય તે પૂર્વ દિશા અને તેને અનુસરતી બીજી દિશાઓ જાણવી. (સૂર્યનો ઉદય થાય છે, તે પૂર્વ દિશા ન જાણવી)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુમારપાળ મહારાજા.

એક વાર તેમના રાજ્યમાં કોઈ મેસરી જાતિના વાણિ-યાએ દાણચોરી કરી.

આ હકીકત દાણ ઉઘરાવનાર અધિકારીના જાણવામાં આવી. તરતજ તેણે પેલા વાણિયાને પકડી મંગાવ્યો.

વાણિયો સમજી ગયો કે હવે તો આવી બન્યું ! દાણચોરી કરનારને એ જમાનામાં પણ સખતમાં સખત નસિયત થતી હતી.

દાણનો અધિકારી વાણિયાને લઈને કુમારપાળ રાજા પાસે પહોંચી ગયો.

આ વાણિયો મહા ઉસ્તાદ હતો. તેણે જોયું કે હવે જીવવું મુશ્કેલ છે. એટલે તેણે અવસર જાણીને જૈન હોવાનો ઢોંગ કર્યો. શ્રાવકો જિનેશ્વરની પૂજા સમયે ઉદર, ઉરસ્થળ, કંઠ અને કપાળ એ ચાર સ્થાને જેવાં તિલકો કરે છે તેવાં કેસરમિશ્રિત ચંદનનાં ચાર તિલકો રાજા પાસે જતી વખતે વણિકે કરી લીધાં.

પછી દાણ અધિકારીએ રાજાને ફરિયાદ કરતાં કહ્યું:

'મહારાજ, આ વણિકે મોટી દાણચોરી કરી છે. તેમને શી સજા કરવી તે ફરમાવો !'

ભયથી કંપતા વણિક સામે કુમારપાળે જોયું. ઓહ ! અરે, આના કપાળમાં તો તિલક છે !

રાજા વિચાર કરે છે કે 'ખરેખર, આ તો શ્રી વીતરાગની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભક્તિ કરનારો શ્રાવક જણાય છે, અને શ્રાવક પાસેથી કર ન લેવાનો મારો નિયમ છે !'

કુમારપાળ રાજાએ હુકમ કર્યો : 'એને છોડી દો'.

પેલા અધિકારીએ હવે કહ્યું:

'મહારાજ, આ શ્રાવક નથી. આ તો અભક્ષ્ય વગેરે આરોગનારો મેસરી વણિક છે. તેણે કપટ કરીને શ્રાવકનો વેશ ધારણ કર્યો છે, ને તિલક કર્યાં છે !'

રાજાએ કહ્યું: 'એ વણિક હવે શિક્ષાને પાત્ર નથી. તે ધન્ય અને કૃતપુણ્ય છે. તેના ભાલમાં તિલક જોઈને મારા મનમાં 'આ શ્રી જિનેશ્વરનો ભક્ત છે' એમ લાગણી કેમ ઉત્પન્ન થાત ?' માટે મેં તેને મુક્ત કર્યો છે. એને સુખેથી ઘેર જવા દો !'

પેલો મેસરી વણિક રાજાને નમીને ઘેર ગયો.

× × × ×

હે વસ્તુપાલ !

ચંદ્રને વિશે જે કાળી રેખા પ્રકાશે છે તેને મૂઢ પુરુષો લાંછન (ડાઘ) કહે છે, પરંતુ સૂક્ષ્મ દષ્ટિથી જોનારા અમે તેમ કહેતા નથી. કારણ કે હે વસ્તુપાલ ! અદ્‌ભુત યાત્રા-ઉત્સવને કરતાં તારા વડે ચંદ્રને વિષે પણ પોતાનું નામ લખાવાયું છે, જે પ્રત્યક્ષ જોવાઈ રહ્યું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ભાગ્ય !

ઉજ્જયિની નગરીમાં દાંતાક નામના શેઠ રહે. તેમણે અઢાર કરોડ સોનામહોરો ખરચીને શાસ્ત્રવિધિ અનુસાર સાત માળનો મહેલ બંધાવ્યો.

એ મહેલ બાંધતાં બાર વરસ લાગ્યાં.

છેલ્લે વાસ્તુવિધિ પતાવી શેઠ એ મહેલમાં રહેવા ગયા.

કોઇ પણ જાતના દોષ વગરનો એ મહેલ હતો. શાસ્ત્રના કડકમાં કડક નિયમને જાળવી રાખીને શેઠે એ મહેલ બંધાવ્યો હતો.

શેઠ મહેલમાં રહેવા ગયા એ રાત્રીએ જ એક ચમત્કાર થયો.

મહેલના દીવાનખાનાની છતમાંથી અવાજ સંભળાવા લાગ્યો.

'પડું કે ? પડું કે ?'

શેઠ ગભરાઈ ગયા ! આ વળી શી બલા છે ? અને તે પણ પહેલી જ રાત્રીએ ? શેઠને થયું કે ઊંહું, મહેલ રહેવા લાયક નથી ! નકકી કયાંક ભૂલ થઇ છે. શાસ્ત્રની આજ્ઞાનો કયાંય પણ ભંગ થયો છે. નહિતર વળી આવા અપશુકનિયાળ શબ્દો મહેલમાંથી કેમ સંભળાય ?

શેઠે ઉપરાછાપરી આ શબ્દો સાંભળ્યા.

ભય પામીને તેમણે દીવાનખાનાનો ઓરડો બંધ કરી દીધો ! કુટુંબ સહિત તે જૂના ઘરમાં રહેવા ચાલ્યા ગયા !

લોકોમાં વાત ફેલાઈ કે શેઠના નવા મહેલમાં ભૂત છે !

ભૂત છે તો ખરું અને તે પાછું 'પડું કે ? પડું કે ?'ની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બૂમો પાડે છે! ભૂલેચૂકે જો શેઠે કહી દીધું હોત કે—

બાપરે, તો તો શું નું શું બની ગયું હોત!

આ વાતની ખબર પડી રાજાને. નગરીમાં રાજા વિક્રમ રાજ કરે છે. વિક્રમ રાજાએ શેઠને બોલાવ્યા. પૂછ્યું: 'શેઠ, મહેલ વેચી દેવો છે?'

શેઠ તો હાથ જોડીને ઊભા રહ્યા, ને બોલ્યા: 'રાજાજી, એ મહેલ બાંધવા પાછળ મેં અઢાર કરોડ સોનૈયા ખરચ્યા છે!'

વિક્રમ રાજાએ તરત શેઠને અઢાર કરોડ સોનામહોરો ગણી આપી.

એ જ રાત્રીએ રાજા એ મહેલમાં રહેવા ગયા.

અને મધરાતે વિક્રમરાજાએ છતમાંથી આબેહૂબ અવાજ આવતો સાંભળ્યો:

'પડું કે? પડું કે?'

એક પળ પણ ગુમાવ્યા વગર વિક્રમરાજાએ જવાબ આપ્યો:

'હા, પડ! પડ!'

અને તરત જ છતમાંથી સુવર્ણ પુરુષ પડયો!

વિક્રમરાજાનું કેવું ભાગ્ય! રાજાને લખલૂટ સુવર્ણની પ્રાપ્તિ થવા માંડી.

પેલા શેઠનુ મોટું ભાગ્ય નહોતુ, એટલે તે ગભરાઈને મહેલ છોડીને ચાલ્યા ગયા! મહેલ વેચી પણ દીધો!

વિધિ પ્રમાણે બંધાવેલા ઘરની આવી છે સિદ્ધિ ને સમૃદ્ધિ!

# અડધી રાત

રાજાની નગરીમાં યોગી આવ્યો.

રાજાએ તેને મહેલમાં રાખ્યો. ઘણી આગતા-સ્વાગતા કરી. બીજી સવારે રાજાએ તેમને પૂછયું :

'યોગીરાજ! કેસી બીતી રાત? અર્થાત્ તમારી રાત કેવી રીતે પસાર થઇ?'

યોગીએ જવાબ આપ્યો :

'રાજન્, આધી તેરી જેસી, ને આધી તેરેસે અચ્છી! એટલે કે અડધી રાત તો રાજા, તારી રાતના જેવી ચાલી ગઈ, પણ મારી બાકીની અર્ધી રાત તારી શેષ રાત્રી કરતાં ઘણી સારી રીતે પસાર થઈ છે!'

આવો જવાબ સાંભળી રાજા વિસ્મય પામ્યા. રાજાએ ફરી પૂછયું,

'યોગીરાજ, આપના કહેવાનો ભાવાર્થ હું બરાબર સમજ્યો નહીં!'

યોગી બોલ્યા : 'હે રાજન્! તારા માથે રાજ્યની અનેક જવાબદારીઓ રહેલી છે, એટલે શરૂની અડધી રાત તું અનેક ચિંતાઓમાં પસાર કરે છે! પણ ત્યારે હું પ્રભુના ગુણોનું સ્મરણ કરું છું. પ્રભુભકિતમાં આમ મારી અડધી રાત ખૂબ આનંદભેર પસાર થઇ જાય છે! અને રાજન્, બાકીની તારી અને મારી બંનેની અડધી રાત તો ઊંઘમાં પસાર થાય છે! એટલે અડધી રાત તો આપણા બંનેની સરખી રીતે પસાર થાય છે!'

રાજા યોગીને નમી પડ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સદાયે ઉત્સવ !

જૂના જમાનાની વાત છે.

ચંદ્રાવતી નગરી હતી. તેમાં ત્રણસોસાઠ કરોડપતિ શ્રાવકો રહેતા હતા.

આ બધા શ્રાવકો ખૂબ સંપીલા હતા. તેમની એકતા અજબ હતી. તેઓ બધા ક્રમસર એક જ રસોડે જમતા હતા! એટલે કે આજે જેના રસોડે જમ્યા, ત્યાં ફરી બાર મહિના વીત્યા બાદ તેના રસોડે જમવાનો વારો આવે!

નગરીમાં ગરીબ શ્રાવકો આવતા તો તેને પણ રોજ આ રસોડે જમવાનું મળતું, ઉપરાંત સૌ શેઠિયાઓ ભેગા થઈ તેમને ગુપ્ત આર્થિક મદદ કરતા હતા.

જાણે આ નગરીમાં સદાયે ઉત્સવ ઉજવાતો હતો!

*

પાટણનગરીમાં શ્રી કુમારપાળ રાજા જ્યારે સ્નાત્રપૂજા તથા પૌષધ વગેરે ધર્મકાર્ય કરતા ત્યારે એક હજાર ને આઠસો શ્રેષ્ઠીઓ તેમની સાથે સહાયમાં રહેતા હતા.

રાજાએ આ બધા શ્રાવકોને સુખી કરેલા હતા.

દર વરસે શ્રાવકો પાસેથી આવતો બોતેર લાખ રૂપીયાનો કર કુમારપાળ રાજાએ માફ કર્યો હતો. નબળી સ્થિતિમાં આવી પડનાર પ્રત્યેક જૈન વ્યકિતને રાજા એક હજાર સોનામહોરો આપી ફરી પગભર કરતા હતા.

ચૌદ વરસમાં આ રીતે રાજાએ ચૌદ કરોડ દ્રવ્યનો વ્યય કર્યો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ભૂમિની પરીક્ષા

જૈન જ્યોતિષ પ્રમાણે ભૂમિની પરિક્ષા નીચે મુજબ કહી છે.

ઉનાળામાં ઠંડા સ્પર્શવાળી અને શિયાળામાં ઊના સ્પર્શવાળી તથા વર્ષાઋતુમાં ઠંડા તથા ઊના સ્પર્શવાળી જે ભૂમિ હોય, તે સર્વ શુભકારી જાણવી.

એક હાથ ઊંડી ભૂમિ ખોદીને પાછી તે જ માટીથી તે ભૂમિ પૂરી નાંખવી. જો માટી વધે તો ભૂમિ શ્રેષ્ઠ, બરાબર થાય તો મધ્યમ અને ઓછી થાય તો અધમ ભૂમિ જાણવી.

જે ભૂમિમાં ખાડો કરીને જળ ભર્યું હોય તો તે જળ સો પગલાં જઈએ ત્યાં સુધીમાં જ જેટલું હતું તેટલું જ રહે તો તે ભૂમિ સારી. આંગળ જેટલું ઓછું થાય તો મધ્યમ. અને તે કરતાં વધારે ઓછું થાય તો ભૂમિ અધમ જાણવી.

જે ભૂમિના ખાડામાં રાખેલાં પુષ્પો બીજે દિવસે તેવાં ને તેવાં જ રહે તો તે ઉત્તમ ભૂમિ, અર્ધા સુકાઈ જાય તો મધ્યમ, અને સર્વે સુકાઈ જાય તો અધમ જાણવી.

જે ભૂમિમાં વાવેલું ડાંગર વગેરે ધાન્ય ત્રણ દિવસમાં ઊગે તે શ્રેષ્ઠ, પાંચ દિવસમાં ઊગે તે મધ્યમ અને સાત દિવસમાં ઊગે તે અધમ ભૂમિ જાણવી.

ભૂમિ રાફડાવાળી હોય તો વ્યાધિ, પોલી હોય તો દારિદ્ર, ફાટવાળી હોય તો મરણ અને શલ્યવાળી હોય તો દુઃખ આપે છે. માટે શલ્ય ઘણા જ પ્રયત્નોથી તપાસવું. માણસનું હાડકું, વગેરે શલ્ય નીકળે તો તેથી માણસની જ હાનિ થાય. મનુષ્યનાં કેશ, કપાળ, ભસ્મ, વગેરે નીકળે તો તેથી અશુભ ને અમંગલ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



## જૈન વ્યક્તિએ જાણવા જેવું

ધૂપપૂજાથી પાપ બળી જાય છે, દીપપૂજાથી અમર થવાય છે, નૈવેદ્યથી રાજ્યલક્ષ્મી પામે છે, અને પ્રદક્ષિણાથી સિદ્ધિ પમાય છે.

o

મંગળ દીવો ઉતારતાં આરતી જો ઓલવાઈ જાય તો કાંઈ દોષ લાગતો નથી. આરતી મંગળ દીવામાં ઘણું કરીને ઘી, ગોળ, કર્પુર મૂકવાથી મહાલાભ મળે છે.

o

જે શ્રાવક દેરાસરની આવક ભાંગે, દેવદ્રવ્યમાં આપવું કબૂલ કરીને પછી આપે જ નહિ, દેવદ્રવ્યનો નાશ થતો દેખીને વિમુખતા ધારણ કરે–બેદરકાર રહે તો તે પણ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે.

•

દરરોજ મુનિ મહારાજને નિમંત્રવા છતાં પણ જો આપણે ઘેર વહોરવા ન આવે તો પણ તેથી પુન્ય જ થાય છે. વળી ભાવની અધિકતાથી અધિક પુન્ય થાય છે.

•

કલ્યાણના અર્થી પુરુષે રાત્રિની વેળા ઝાડની નીચે રહેવું નહિ. ઉત્સવ તથા સૂતક થયાં પહેલાં કોઈ દૂર પ્રદેશે જવું નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust